પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH
FRIDAY, 28 OCTOBER, 2022 Vol. 19, No. 43 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

SAVE MAX Achievers Realty
Brokerage Each Office Independently Owned & Operated
Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
realtorparesh@gmail.com



સુદાનમાં આદિવાસીઓના બે જૂથ વચ્ચે અથડામણ : બે દિવસમાં 220નાં મોત

PAGE NO. 20

# વુહાનમાં કોરોનાનો કહેર, ચીનના અનેક શહેરમાં લોકડાઉન

## વુહાનમાં બાર, સિનેમા હોલ અને કાફે તથા બજાર-રેસ્ટોરન્ટ બંધ, શૈક્ષણિક કાર્ય અટકાવાયું, પરિવહન સેવા સ્થગિત

**બીજીંગ**

ચીનના વુહાનમાં ફરી એકવાર કોરોનાએ ફરી માથું ઉચકતા અનેક શહેરોમાં ફરીથી લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. આ સાથે જ લોકોને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવા અપીલ કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ 10 લાખની વસ્તીવાળા જિયાંગ્ઝિયા જિલ્લામાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. આ ચીનનું એજ વુહાન છે જ્યાં વિશ્વમાં કોરોનાનો પહેલો કેસ જોવા મળ્યો હતો. વુહાનમાં બાર, સિનેમા હોલ અને કાફે બંધ કરી દેવામાં આવ્યા છે.

ચીનના જિયાંગ્ઝિયામાં કોરોનાના ચાર કેસ સામે આવ્યા બાદ સરકારે આ પગલું લીધું છે. વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, જિયાંગ્ઝિયાના શહેરી વિસ્તારમાં ત્રણ દિવસ માટે "અસ્થાયી નિયંત્રણ પગલાં" લાગુ કરાયા છે.

કોરોનાના કેસોને જોતા વહીવટીતંત્રે બાર, સિનેમાઘરો અને ઈન્ટરનેટ કાફે બંધ કરી દીધા છે. આ ઉપરાંત બજાર, રેસ્ટોરન્ટ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. આ સાથે મોટા કાર્યક્રમો ઉપર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યા છે. તમામ ધાર્મિક સ્થળો બંધ કરી દેવામાં આવ્યા છે અને ધાર્મિક પ્રવૃત્તિઓ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે કોરોનાને કારણે



સ્થિતિ વકરે નહીં તે માટે શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. સાથે જ બસોથી લઈને તમામ જાહેર પરિવહન અટકાવી દેવાયા છે. તંત્ર અને સરકાર દ્વારા લોકોને શહેર ન છોડવાની સલાહ આપવામાં આવી છે. દરમિયાન એક વીડિયો સામે આવ્યો છે, જેમાં એક કોરોના પોઝિટિવ વ્યક્તિને ક્રેન દ્વારા લઈ જવામાં આવી રહી છે. ચીનનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જોકે આ વીડિયો કયા શહેરનો છે એ જાણી શકાયું નથી.

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel | Urshila Patel
Broker | Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More Info on PAGE 2
વધુ માહિતી પાનું 2 પર
ABOWATH.COM

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

રસોઈ કરવા માટે બહેન જોઈએ છે
• શાકાહારી ગુજરાતી સિનિયર દંપતી માટે
• જગ્યા- મારખામ રોડ અને હાઈવે 7
• આખા દિવસ માટે અથવા એથી ઓછું
• સમયની અનુકૂળતા પ્રમાણે
• સારો પગાર અને સારું ઘર
સંપર્ક કરો : 416-846-8002

RIGHT AT HOME REALTY
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

HAPPY DIWALI! MAY THIS FESTIVAL OF JOY BRINGS MORE HAPPINESS TO YOUR LIFE.
SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*Conditions apply ...... ASK NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph. : 416-890-3232
Email : sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS/ NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઈન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1


May the new year be filled
with brightness and
hope so that darkness
and sadness stay away from you.
HAPPY
New Year
Your Fulltime Realtor
KIRAN MISTRY
Sales Representative
416.821.3446
saleskmistry@gmail.com
CENTURY 21
Green Realty Inc. BROKERAGE
O: 905-565-9565
Thinking of Buying or Investing
in Real Estate?
Call me Today for Presentation!

# કેનેડામાં તિરંગાનું અપમાન: ખાલિસ્તાની સમર્થકોએ ધ્વજને પગ તળે કચડી નાખ્યો

## ભારત વિરોધી સૂત્રોચ્ચાર પણ કર્યા, કેનેડામાં રહેતા ભારતીયોમાં રોષ

**બ્રામ્પટન**

બંદી છોડ દિવસ પર બ્રામ્પટનમાં ખાલિસ્તાની સમર્થકોએ સૂત્રોચ્ચાર કર્યા બાદ ભારતના ગૌરવ તિરંગાનું પણ અપમાન કર્યું હતું. કારમાં તિરંગો ઝંડો લઈને આવેલા લોકોના હાથમાંથી છીનવીને તેનું અપમાન કરવામાં આવ્યું હતું. ખાલિસ્તાની સમર્થકો કેનેડાના શહેર બ્રેમ્પટનમાં બંદી છોડ દિવસ પર રાત્રે હાથમાં ખાલિસ્તાની ઝંડા લઈને પહોંચ્યા હતા. ત્યાં તેમણે સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. આ જ સમયે ત્યાં રહેતા ભારતીયોને જાણ થઈ તો તેઓ પણ કારમાં તિરંગા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

કારમાં તિરંગા ઝંડા જોઈને ખાલિસ્તાની સમર્થકો ગુસ્સે થઈ ગયા હતા. તેઓએ ભારતીયોની કાર અટકાવી સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા. કારમાં બેઠેલા લોકોએ પણ 'હિન્દુસ્તાન ઝિંદાબાદ'ના સૂત્રો ઉચ્ચાર્યા હતા. ખાલિસ્તાનીઓ રસ્તા ઉપર ઉભા હતા, તે સમયે ભારતીયો તિરંગો લઈને કારમાં હતા. એ પછી, ખાલિસ્તાની સમર્થકો તિરંગાનું અપમાન કરવા લાગ્યા હતા. જે બાદ ખાલિસ્તાની સમર્થકોએ કારની બારીઓમાંથી તિરંગો ફરકાવતા લોકોના હાથમાંથી રાષ્ટ્રધ્વજ છીનવી લીધો અને તેને જમીન પર ફેંકી દીધો હતો. તેમણે ભારતીય તિરંગાને પગ તળે કચડીને તેનું અપમાન કર્યું હતું. જેના કારણે કેનેડામાં રહેતા ભારતીયોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.


SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Guaranteed Lowest Premium
Up to 45 % DISCOUNT with deductible
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય) (up to age) 85
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com



Travel Services
DIPTESH PATEL +1 (647) 409-2976
Off: 905-790-8989
ONE-WAY SPECIAL FESTIVAL OFFERS
ETIHAD
TORONTO TO AHMEDABAD (ETIHAD AIRWAYS - ONE STOP)
03 DEC TORONTO → AUH → AMD
31 DEC TORONTO → AUH → AMD
01 JAN 2023 TORONTO → AUH → AMD
TORONTO TO BOMBAY (ETIHAD AIRWAYS - ONE STOP)
05 DEC TORONTO → AUH → BOM
10 DEC TORONTO → AUH → BOM
ONE-WAY SPECIAL RATES FROM BOMBAY TO TORONTO
NOW HIRING KLM NOW HIRING
(KL878 BOM-AMS) (KL691 AMS-YYZ)
16 DEC BOM → AMS → TORONTO
20 DEC BOM → AMS → TORONTO
13 JAN 2023 BOM → AMS → TORONTO
16 JAN 2023 BOM → AMS → TORONTO
WITH 2 BAGGAGE 23KG EACH
All tickets are non refundable and non Changeable Condition Apply*
tico.ca 50018836 IATA
travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6



THINKING OF BUYING, SELLING OR INVESTING?
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ટ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
મોર્ટગેજ જોઇએ છે? અમે મદદ કરી શકીએ છીએ!
CALL 416 893 4585 TODAY!!!
SUBHRO CHAKRABORTY SALES REPRESENTATIVE
SUDHIR PARMAR SALES REPRESENTATIVE

Call us TODAY for all of your Real Estate needs and get honest, reliable and professional Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial

MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER - TEAM LEADER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. #SellwithABOWATH your Local REALTOR




રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper



પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)

સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



HAPPY
New year
I Wish You and Your Family Happiness, Prosperity and Health on This Auspicious Day!
Sachin Patel
Mortgage Development Manager
Cell: 647-772-9082
sachin.patel@nbc.ca
NATIONAL BANK
National Bank of Canada
10520 Torbram Rd,
Brampton, ON L6R 3N9
Ad Designed by Quick Design and Print (647.836.4715)

# મોંઘવારી-ડિસ્કાઉન્ટની ભ્રામક જાહેરાતોથી ખરીદદારોને માઠી અસર થવાની સંભાવના

## ક્રિસમસના તહેવાર પહેલાં ખરીદી વહેલી શરૂ કરવા નાગરિકોને નિષ્ણાંતોની સલાહ

**ઓન્ટેરિયો**

જેમ જેમ મોંઘવારી વધતી જાય છે તેમ તેમ કેનેડીયનોની ખરીદ શકિત ઘટતી જતી હોવાનું રીટેલ નિષ્ણાંતો માની રહ્યા છે. આ રજાની મોસમમાં ગ્રાહકોને મોંઘવારી અને ડિસ્કાઉન્ટની ભ્રામક જાહેરાતો ગેરમાર્ગે દોરી જાય એવી સંભાવના નિષ્ણાંત બ્રુસ વિન્ડરે રવિવારે મીડિયા સાથેની વાતચીતમાં વ્યકત કરી હતી.

તેમણે કહ્યું હતું કે આવનારા દિવસોમાં મોટા સ્ટોર્સ ડિસ્કાઉન્ટની ભ્રામક જાહેરાતો કરશે, જેનાથી ખરીદનારા કદાચ લલચાઈ પણ જાય છતાં જે રીતે મોંઘવારી વધી રહી છે એ જોતા આવનારી રજાની મોસમ ગ્રાહકો માટે મુશ્કેલીભરી રહેશે.

મારી ધારણા મુજબ લોકોએ રજા માટેની એટલે કે ક્રિસમસની ખરીદી વહેલી શરૂ કરી દેવી જોઈએ તો જ એમને ચીજો રાહતદરે મળી શકશે. કેમ કે, જેમ જેમ તહેવાર નજીક આવશે ભાવોમાં વધારો થશે. જેની સામે સ્ટોર તમને મોટા ડિસ્કાઉન્ટની ઓફર કરીને લલચાવશે. સરવાળે તો તમને ચીજો મોંઘી જ પડશે.

ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ સ્ટોરને સપ્લાય ચેનની સમસ્યા નડશે. એટલે તેઓ અત્યારથી જ સ્ટોક ભરી લેવાનું શરૂ કરી દેશે.

# પોલીસના હત્યાકાંડમાં વપરાયેલી રાઈફલ કેનેડામાં પ્રતિબંધિત નથી

**ટોરોન્ટો**

તાજેતરમાં ઓન્ટેરિયોના પોલીસ અધિકારીઓ ઉપર થયેલા ગોળીબારમાં વપરાયેલી સેમી -ઓટોમેટીક રાઈફલ આ પ્રકારના અન્ય ઘાતક હુમલાઓમાં પણ વપરાઈ હતી. જેમાં ૨૦૧૮ના ફેડરીકશન સામુહિક હત્યાકાંડનો પણ સમાવેશ થાય છે. જે ઘટનાને બ્રિટીશ કોલંબિયાના હત્યારાઓએ અંજામ આપ્યો હતો. પરંતુ રશિયન બનાવટની એસકેએસ રાઈફલનો સમાવેશ કેનેડાની સરકારે ૨૦૨૦માં જાહેર કરેલી પ્રતિબંધિત શસ્ત્રોની યાદીમાં નથી. ઈકોલે પોલીટેકનિક હત્યાકાંડના પીડીતોના પરીવારોએ સ્થાપેલા પોલી રીમેમ્બરન્સના કો-ઓર્ડિનેટર હેઈડી રાથેજેને કહ્યું હતું કે, એસકેએસ રાઈફલ માત્ર સેનાના ઉપયોગ માટેની જ રાઈફલ છે અને વિશ્વમાં હજુ અનેક સૈન્યો એનો ઉપયોગ કરે છે, તેથી એનો આ યાદીમાં સમાવેશ ન હોવા પાછળનું એક માત્ર કારણ એ આધુનિક રીતે ડીઝાઈન કરાયેલી ન હોવાનું જ છે. ઉત્તરીય ટોરન્ટોમાં ૧૧મી ઓકટોબરે જે બે પોલીસ અધિકારીઓની હત્યાનો બનાવ બન્યો હતો. આ સમયે બે ટીનેજરોએ જે શસ્ત્રોનો ઉપયોગ કર્યો હતો.

# ચૂંટણી પહેલાં ટોરન્ટો શહેરના કાઉન્સીલર સિન્થીયાનું નિધન

**ઓન્ટેરિયો**

ટોરન્ટો સીટીના કાઉન્સીલર સિન્થીયા લાઈ આ વખતે ફરીથી ચૂટણી લડવા તૈયારી કરી રહ્યા હતા. પરંતુ તેમનું ૬૮ વર્ષની વયે અવસાન થયું હોવાની જાણકારી તેમના પ્રચાર અધિકારી એનેડીજાને શુક્રવારે બપોર બાદ આપી હતી.

ચૂંટણીનું મતદાન સોમવારે થનાર હતું. ચૂંટણી પ્રચાર દરમિયાન જ તેઓ બિમાર થઈ જતા એમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યાં એમના પરિવારના સભ્યો પણ હાજર હતા. તેમણે પોતાના વોર્ડમાં કરેલા સુધારાના કામોને આધારે પોતાનો પ્રચાર શરૂ કર્યો હતો.

અને ફરીથી ચૂટણીમાં ઉભા રહ્યા હતા. જો કે, પરિવારે એ વિશે અંગત કારણોસર કોઈ ટીપ્પણી કરવાનુ ટાળ્યું હતું. પ્રવકતાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષથી એ બિમારી સામે ઝઝૂમી રહી હતી છતાં એમણે ફરીથી ચૂંટણી લડવાનું નકકી કર્યું હતુ. જો કે એમની બિમારી વિશેની કોઈ વિગત તેમણે આપી નહોતી. લાઈના સ્ટાફના વડા જિમ મરફીએ એમને સમાજ માટે સમર્પિત અને કામ કરનારા અને વોર્ડના લોકપ્રિય નેતા ગણાવીને શ્રધ્ધાંજલી આપી હતી. તેમણે કહ્યું હતું કે વોર્ડ માટે જે આયોજન થાય એનો અમલ બરાબર થાય, એનું એ ખાસ ધ્યાન રાખતા હતા.

# ઓન્ટેરિયોમાં કોવિડનો ફુંફાડો: સપ્તાહમાં મૃતાંક ૧૦૯ સુધી પહોંચી ગયાનો દાવો

## મૃત્યુના આંકડાની ચકાસણી કરવા તંત્રની કવાયત, ઓટાવામાં માસ્ક પહેરવા સુચન કરાયું

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોમાં કોરોનાના કેસોમાં વધવા સાથે મરણનો આંક પણ ગયા અઠવાડીયાના ૬૭થી વધીને આ અઠવાડીયે ૧૦૯ સુધી પહોંચી ગયો છે. છેલ્લે મે માસ બાદ હવે ફરીથી મરણાંક વધીને 109 સુધી પહોંચ્યો છે. જે આ પ્રાંતમાં સૌથી વધુ છે એમ માહિતી વિભાગે જણાવ્યું હતું.

ગયા અઠવાડિયાની યાદીમાં કોવિડ-૧૯ના કેસો, હોસ્પિટલાઈઝેશન અને મરણાંક વિશે જે જાણકારી આપવામાં આવી હતી એની સરખામણીમાં આ અઠવાડીયે વધારો થયો હોવાનું મીડિયાએ તેના અહેવાલમાં દર્શાવ્યું હતુ.

હવે આરોગ્યવિભાગ આ આંકડાઓની ચકાસણી કરી રહ્યો છે. ઓન્ટેરિયોના ચીફ મેડીકલ ઓફિસર ડો. કેઈરન મૂરે ગયા અઠવાડીયે જ આ વિશે ચેતવણી આપી હતી અને મરણાંક વધવાની સંભાવના વ્યકત કરી હતી. તેમણે કહ્યું હતું કે જેમ જેમ વાતાવરણમાં ઠંડક વધશે તેમ તેમ વાઈરસનો પ્રભાવ વધશે. નવા આંકડાઓ મુજબ દવાખાનામાં દાખલ દર્દીઓની સંખ્યા ગયા અઠવાડીયાના ૧૬૨૯થી વધીને ૧૬૬૩ થઈ હતી. જે ગુરૂવાર સુધીની સંખ્યા હતી. આઈસીયુમાં દાખલ લોકોની સંખ્યામાં પણ ગયા અઠવાડીયાના ૧૪૩થી વધીને ૧૫૮ થઈ છે. પોઝીટીવ ટેસ્ટનું પ્રમાણ થોડું ઘટયું જરૂર છે પણ એ બે અઠવાડીયા પહેલાની સરખામણીમાં વધુ જ છે. એકંદરે ઓન્ટેરિયોમાં ગયા જાન્યુઆરી બાદ ફરીથી કેસોનું પ્રમાણ વધી રહયું છે.


દિવાળી તથા નવા વર્ષની શુભકામનાઓ...

ગોવર્ધનથાળ

સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special

રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering

Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL

$14.99 10 items +Tax

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$14.99 (M-T) / $15.99 (F-S)

Call us for details

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧


૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

તંત્રી સ્થાનેથી

# ઋષિ સુનક નસીબના બળવંતા અંતે મળ્યું બ્રિટનનું સુકાનીપદ

યુ.કે.ના વડા પ્રધાનપદેથી એલિઝાબેથ ઉર્ફે લિઝ ટ્રસનાં રાજીનામાં પછી વડા પ્રધાનપદે કોણ આવશે તેની અટકળો ચાલી હતીલિઝના રાજીનામાએ આખી દુનિયામાં આશ્ચર્ય ફેલાવ્યું છે. પણ વાસ્તવમાં આ ઘટનાએ બ્રિટનમાં રાજકીય પક્ષોમાં પણ આંતરિક લોકશાહી કેટલી મજબૂત છે એ ફરી સાબિત કર્યું છે. સાથે સાથે રાજકારણીઓમાં પણ પોતાની નૈતિકતા જવાબદારી તરફ સજાગતા છે, આ નૈતિક જવાબદારી અદા કરવામાં નિષ્ફળ જવાય તો સત્તા પર ચીટકી રહેવામાં માનતા નથી એ સાબિત કરી દીધું છે.

લિઝ ટ્રસે આટલા ટૂંકા ગાળામાં રાજીનામું આપવું પડયું, કેમ કે લિઝની કન્ઝર્વેટિવ પાર્ટીના સાંસદોમાં તેમની સામે અસંતોષ હતો. ટ્રસે બ્રિટિશ વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાન ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટની બહાર પત્રકારો સામે કબૂલ્યું કે, હું જે વચનો આપીને સત્તા પર આવી હતી એ વચનો પૂરા ના કરી શકી તેનો મને બહુ અફસોસ છે. ટ્રસ ક્યા વચનો પૂરાં ના કરી શક્યાં એ સમજવું પણ જરૂરી છે. બ્રિટનમાં અત્યારે મોંઘવારી બેફામ છે અને ફુગાવો ચાલીસ વર્ષની ટોચે છે. ટ્રસે લોકોને વચન આપ્યું હતું કે, પોતે મોંઘવારીને કાબૂમાં લાવી દેશે પણ તેમાં એ સાવ નિષ્ફળ ગયાં. ટ્રસે વડાપ્રધાનપદે આવ્યા પછી રજૂ કરેલા મિની બજેટમાં ટેક્સમાં કાપ મૂકીને મિડલ ક્લાસ માટેનો ટેકસ ઘટાડીને ૧૯ ટકા કરી દીધો હતો. આ કરરાહતને કારણે બ્રિટનની સરકારી તિજોરી ઉપર ૩૬ અબજ ડોલરનો જંગી બોજ આવી પડયો, પણ એ રકમ ક્યાંથી આવશે એ સ્પષ્ટતા જ નહોતી.



તંત્રી - સ્વદેશ

આ સિવાય એનર્જી કંપનીઓને વિન્ડફોલ ટેક્સ એટલે કે નિકાસમાંથી રાહત અને મોટાપાયે સરકારી દેવું વધારવા જેવા નિર્ણયો લેવાતા યુ.કે.નું ચલણ પાઉન્ડ ગગડી ગયો અને ડોલરની લગભગ સમકક્ષ જ આવી ગયો. અત્યારે બ્રિટિશ પાઉન્ડ ડોલરની સામે ૫૦ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયો છે. ટ્રસે શરમથી બચવા નાણાં મંત્રીને દૂર કર્યાં અને તમામ પગલા રદ કર્યા છતાં વિરોધ શાંત ન થયો. છેવટે તેણે ખુરશી છોડવી પડી છે. હવે ઋષિ સુનક બ્રિટનના ઈતિહાસમાં વડા પ્રધાનપદે પહોંચનારી ભારતીય મૂળની પહેલી વ્યક્તિ બનશે. સુનક યુ.કે.ના વડા પ્રધાન બનતા ભારતીયો ખુશખુશાલ છે. પણ સુનક યુ.કે.ના વડાપ્રધાન બને તેમાં ભારતે ગર્વ લેવા જેવું કંઈ નથી. સુનકના દાદા પંજાબના રહેવાસી હતાં પણ કેન્યા જતા રહ્યા હતા. તેમના દાદા વિદેશમાં સ્થાયી થયા હતા. તેથી ભારત સાથેનો સંબંધ ક્યારનો તૂટી ગયો. સુનકના પિતા યશવીર કેન્યામાં જન્મ્યા અને તેમના માતા ઉષા તાન્ઝાનિયામાં જન્મ્યાં છે. તેમની માતા ફાર્માસિસ્ટ છે અને યુ.કે.ની નેશનલ હેલ્થ સર્વિસમાં નોકરી કરે છે. સુનકના પિતા ડોક્ટર છે અને બ્રિટનમાં જ જનરલ પ્રેક્ટિશનર છે.

સુનકનો જન્મ યુકેના હેમ્પશાયરમાં થયો હતો. ઋષિએ અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી એમબીએ કર્યું છે. સુનકે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી રાજકારણ, ફિલસૂફી અને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરીને ગ્રેજ્યુએશન કર્યું છે. રાજકારણમાં જોડાતા પહેલાં ઋષિએ ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સેશ અને હેજ ફંડમાં કામ કર્યું હતું. આ પછી તેમણે એક ઈન્વેસ્ટમેન્ટ ફર્મની પણ સ્થાપના કરી હતી પણ એ બધું યુકે અને યુએસમાં જ કર્યું છે. એ રીતે જોઈએ તો ત્રણ પેઢીથી સુનક પરિવારને ભારત સાથે કંઈ લેવાદેવા નથી. ઋષિ સુનક ભારતની જાયન્ટ આઈ.ટી. સોફ્ટવેર કંપની ઈન્ફોસિસના સહ-સ્થાપક નારાયણ મૂર્તિના જમાઈ છે. ઋષિનાં પત્નીનું નામ અક્ષતા મૂર્તિ છે અને બંનેએ ૨૦૦૯માં લગ્ન કર્યાં હતાં.

ખેર વાત હવે વાત મુળ મુદ્દાની કરીએ. લીઝના રાજીનામા પછી પણ સુનક સામે સૌપ્રથમ તો ભૂતપૂર્વ વડા પ્રધાન બોરિસ જોનસન જ મેદાનમાં ઉતર્યા હતા. તે પછી પેન્ની મોરડોન્ટે પણ સુનક સામે મોરચો માંડેલો. જો કે, રવિવારે સવારે બોરિસ જોનસને તેની દાવેદારી પાછી ખેંચી લઈને હથિયાર હેઠાં મૂકી દેતા સુનક સામે પેન્ની જ મેદાનમાં રહ્યાં હતાં. બ્રિટનની સંસદમાં કંઝર્વેટિવ પાર્ટીના ૩૫૭ સાંસદ છે. કંઝર્વેટિવ પાર્ટીના નિયમ પ્રમાણે વડા પ્રધાનપદની રેસમાં ઉતરવા માટે સો સાંસદોનો ટેકો જોઈએ. બ્રિટનના ભૂતપૂર્વ વડા પ્રધાન બોરિસ જોનસનને ૬૦ સાંસદોનો ટેકો હતો. જોનસને પહેલાં તો સુનકને મનાવીને ફરી વડા પ્રધાન બનવા હવાતિયાં મારી જોયાં. જોનસને પોતાની સરકારમાં નાણામંત્રી રહી ચૂકેલા ઋષિ સુનક સાથે શનિવારે એટલે કે, ૨૨ ઓક્ટોબરે મોડી રાત સુધી મંત્રણા કરી હતી, પરંતુ સુનકે મચક ન આપી. જોનસનને મળ્યા પછી તરત સુનકે વડા પ્રધાનની ચૂંટણી લડવાની જાહેરાત કરી. જોનસને એ પછી બીજા ઉમેદવાર પેન્ની મોર્ડોન્ટ સાથે પણ વાટાઘાટો કરીને તેમને બેસાડી દેવા મથામણ કરી. પેન્ની બેસી જાય તો તેના સમર્થકો પોતાને ટેકો આપીને સો સાંસદો સુધી આંકડો પહોંચાડી દે એવી જોનસનની ગણતરી હતી. પણ પેન્ની પણ માન્યા નહીં એટલે છેવટે જોનસને હથિયાર હેઠા મુકવાનો નિર્ણય કરવો પડ્યો.

સુનકને દોઢ મહિના પહેલાં ચૂંટણીમાં પછડાટ મળી હતી. જે બાદ દોઢ મહિનામાં જ તેમનું નસીબ પલટાયુ છે. જો કે, બ્રિટનમાં સુનક સામે અનેક પડકારો છે. વડા પ્રધાન તરીકે ટ્રસની નિષ્ફળતાનું સૌથી મોટું કારણ આર્થિક મોરચે મળેલી નિષ્ફળતા છે. ટ્રસે બ્રિટનના અર્થતંત્રની કાયાપલટ કરવા શેખી મારી હતી. પરંતુ તેઓને ઝાઝી સફળતા મળી નહીં. બ્રિટનમાં અત્યારે મોંઘવારીનો મુદ્દો સૌથી મોટો છે. પણ ટ્રસ મોંઘવારીને કાબૂમાં ના લાવી શકતાં ખુરશી છોડવી પડી. હવે સુનક આ મોરચે સફળ થશે એવી આશા રખાય છે. વાસ્તવમાં કોરોના કાળ પછી બ્રિટનને માથે આર્થિક સંકટ ખડકાયુ છે. બોરિસ જોનસન સરકારના નાણામંત્રી તરીકે સુનક ઈકોનોમિક બેલ આઉટ પ્લાન લાવ્યા હતા. આ પેકેજ મિડલ ક્લાસ માટે મોટી ભેટ સમાન હતુ. તેના કારણે સુનકની સૌએ નોંધ લેવી પડી. આ જ બિલને કારણે બ્રિટનના સામાન્ય લોકોમાં પણ સુનકની લોકપ્રિયતા વધી. સુનક પ્રોફેશનલ બેંકર છે અને જોનસન સરકારમાં તેઓ નાણામંત્રી રહી ચૂક્યા હોવાથી તેમના વહિવટી અનુભવનો લાભ બ્રિટનને આર્થિક સંકટ દુર કરવામાં મળશે તેવી આશા રખાય રહી છે.

કંઝર્વેટિવ પાર્ટીને પણ સુનક પાસેથી મોટી અપેક્ષાઓ છે. વારંવાર વડા પ્રધાન બદલાવાથી કંઝર્વેટિવ પાર્ટીની છાપને અસર થવા માંડી છે. આ જ કારણે વિપક્ષ લેબર પાર્ટીની પાર્ટીની લોકપ્રિયતા ૨૫ ટકા જેટલી વધી છે. બ્રિટનમાં આગામી ચૂંટણી ૨૦૨૫માં છે એ જોતાં બે વર્ષ જેટલો સમય છે. આ બે વર્ષમાં સુનક સારો વહીવટ કરીને પાર્ટીને ફરી સત્તાના સિંહાસન સુધી પહોંચાડે એવી સૌને આશા છે. કંઝર્વેટિવ પાર્ટીના સાંસદો પણ ફરી ચૂંટણી ઈચ્છતા ન હોવાથી તેઓ સુનકનું સમર્થન કરી રહ્યા છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca


Imperial PEST CONTROL



Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

| Brampton (West ) | Scarborough | Mississauga WE MOVED TO |
|---|---|---|
| 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM | 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM | 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM |

NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

# ડાકોરમાં રણછોડરાય સમક્ષ અન્નકુટની લૂંટ સાથે નૂતનવર્ષની ઉજવણીની પરંપરા

**ડાકોર**

નવા વર્ષના પહેલા દિવસે અનેક મંદિરોમાં ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવે છે અને એ અન્નકૂટ ભક્તોને પ્રસાદી સ્વરૂપે આપવામાં આવે છે. પરંતુ યાત્રાધામ ડાકોરમાં 151 મનનો અન્નકૂટ ભગવાન સામે ધરાવામાં આવે છે અને તેને લૂંટવાનું આમંત્રણ આપવામાં આવે છે.

સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં નૂતન વર્ષની અલગ જ રીતે ઉજવણી કરવામાં આવે છે. અહીં આગળ ભગવાન રાજા રણછોડને 151 મણનો અન્નકૂટ ધરાવવામાં આવે છે. ત્યારબાદ મંદિર દ્વારા આમંત્રણ આપેલા 85 જેટલા ગામના લોકો આ અન્નકૂટતા હોય છે. આ વર્ષે પણ નવા વર્ષના પહેલા દિવસે અનેક મંદિરોમાં ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જ્યારે યાત્રાધામ ડાકોરમાં 151 મનનો અન્નકૂટ ભગવાન સામે ધરાવામાં આવ્યો હતો અને તેને લૂંટવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. વર્ષોથી ચાલતી આવતી આ પ્રથામાં બુધવારે વહેલી સવારે ભગવાન રાજા રણછોડની મંગળા આરતી બાદ ભગવાનનું કેસર સ્નાન કરાવવામાં આવ્યું ત્યારબાદ ભગવાનને શણગાર કરવામાં આવ્યા હતા. અગાઉથી જ મંદિર દ્વારા આજુબાજુના 85 જેટલા ગામના લોકોને આ અંકુટ પ્રસાદી લૂંટવા માટેનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેથી બુધવારે ડાકોર સહિત આજુબાજુના 85 જેટલા ગામના લોકો પોતાનો હક સમજી આ અન્નકૂટ હોશે હોશે લૂંટી ઉમટી પડ્યા હતા. આ અન્નકુટને ભક્તોએ ઘરે લઈ ગયા બાદ સગા સ્નેહીઓને આપી ધન્યતા અનુભવી હતી.

## ઉમિયા ધામમાં નૂતન વર્ષે ભક્તોનું ઘોડાપૂર



**ઊંઝા**

ઉમિયા ધામ ઊંઝા ખાતે કડવા પાટીદારો નવા વર્ષની શરૂઆત માતાજીના દર્શન કરી કરતા હોય છે. બુધવારે નૂતન વર્ષને લઈ ઉમિયા ધામમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. દર્શન માટે સવારથી જ ભક્તોની ભારે ભીડ જામી હતી. નવા વર્ષને લઈ માં ઉમિયાને નંદીની સવારી સાથે વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો તેમજ વિશેષ ફૂલોથી મંદિરને સજાવવામાં આવ્યું હતું.

# વડોદરા જિલ્લામાં ભાજપમાં ભાંજગડ લાભ લેવા કોંગેસ નેતાઓની દોડધામ

**વડોદરા**

કોંગ્રેસ મુક્ત ભારતના અભિયાનના ભાગરૂપે ભાજપ દ્વારા કોંગ્રેસના મોટામાથાઓને પક્ષમાં સમાવી લેવાના બનાવો વચ્ચે વડોદરા જિલ્લામાં કોંગ્રેસ દ્વારા ભાજપની જૂથબંધીનો લાભ લેવા માટે દોડધામ મચી છે. વડોદરા જિલ્લામાં વર્ષોથી કોંગ્રેસનું પ્રભુત્વ રહ્યું છે અને ભાજપે કોંગ્રેસના અનેક આગેવાનોને સમાવી ભંગાણ પાડયું છે. હવે ચૂંટણી પહેલાં કોંગ્રેસે ભાજપની જૂથબંધીનો લાભ લેવા માટે તખ્તો ઘડયો હોવાની વિગતો જાણવા મળી છે.

વડોદરા જિલ્લામાં સાવલી તાલુકાના બરોડા ડેરીના ડિરેક્ટર અને ભાજપના વિધાનસભા બેઠકના દાવેદાર કુલદીપ રાઉલજી કોંગ્રેસમાં સામેલ થઈ ગયા બાદ ગઈકાલે ભાજપમાં સસ્પેન્ડ કરાયેલા ડભોઈના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના વડોદરા જિલ્લાના પૂર્વ પ્રમુખ બાલકૃષ્ણ પટેલ પણ કોંગ્રેસમાં જોડાઇ ગયા છે. કોંગ્રેસને તૂટતી અટકાવવા અને ભાજપના નેતાઓને કોંગ્રેસમાં સામેલ કરવા માટે કેટલાક કોંગી આગેવાનો સક્રિય બન્યા છે. તેઓ આગામી વિધાનસભામાં ભાજપમાંથી દાવેદારી કરનારા સંભવિત દાવેદારો પૈકીના કેટલાકને કોંગ્રેસમાં સામેલ કરવા માટે તખ્તો પણ ઘડી રહ્યા હોવાની વિગતો કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળી છે.

# વડોદરામાં દિવાળીની રાતે શાંતિ ડહોળવાનો પ્રયાસ : આગચંપી-વાહનોમાં કરાઈ તોડફોડ

**વડોદરા**

વડોદરામાં દિવાળીની રાતે શાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શહેરના પાણીગેટ વિસ્તારમાં પથ્થરમારો, આંગચંપી અને તોડફોડના બનાવ બનતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. નજીવી બાબતે બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ સ્થિતિ વણસી હતી. તોફાની તત્વોએ પોલીસની ટીમ પર પણ પેટ્રોલબંબ ફેંકયા હતા. જે બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ વણસેલી સ્થિતિને કાબૂમાં લઇ લીધી હતી. પાણીગેટ હરણખાના રોડ વિસ્તારમાં બે કોમ વચ્ચે પથ્થરમારો



થયો હતો. આ વણસેલી સ્થિતિને કારણે વાહનોમાં તોડફોડની સાથે આગ પણ લગાવવામાં આવી હતી. આ ઉપરાંત અસામાજીક તત્વો દ્વારા પોલીસના કાફલા પર પણ પેટ્રોલ બોમ ફેંકયો હતો. આ સાથે વિસ્તારની દુકાનોમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. પથ્થરમારોને કારણે આ વિસ્તારના રોડ પર પથ્થરો જ પથ્થરો દેખાતા હતા. જોકે, આ અંગેની જાણ થતા ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચીને સ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. જેમા પોલીસ દ્વારા એક વ્યક્તિની અટકાયત પણ કરવામાં આવી છે. એસીપીના કાફલા પર પણ તોફાનીઓએ પેટ્રોલ બોમ ફેંકાયો હતો. હાલ આ મામલાની તપાસ હાથ ધરાઈ છે. પેટ્રેલ બોમ્બ કોણે બનાવ્યા અને કયાંથી આવ્યા તે અંગે લોકોના ઘરની તપાસ પણ થઈ રહી છે.


SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

CANADA IMMIGRATION

iccrc crcic

SPOUSAL SPONSORSHIP SPECIALIST (98 percent success ratio)

Last minute student admission

Please contact us on

416-745-2466 or 91-9428973911

- Conestoga
- Seneca
- Humber
- Lambton
- Fanshawe
- Georgian
- Algoma
- Canadore
- Algoma
- Saskatchewan polytechnic
- Mohawk

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

- LMIA/WORK PERMIT • EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

CANADA: 94- 499 Main Street South, Shoppers World Mall, Brampton, Ont. Ph : 416-745-2466, 905-230-7855

VADODARA: 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817

AHMEDABAD: 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911

: Specialized in :
Job Offer & LMIA
Entrepreneur
Investor Business
Self Employed
Farm Investor

Email.: info@siis.ca / Website.: www.siis.ca

# પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવમાં પાંચ લાખથી વધુ નાગરિકો વ્યસન મુક્ત બનશે

## કેમ્પના આયોજન થકી પાંચ લાખથી વધારે યુનિટ રક્ત એકત્ર કરવાનો ટાર્ગેટ

**અમદાવાદ**

પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવને લઈને તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેમાં પ્રમુખસ્વામી નગરમાં વિવિધ પ્રકલ્પો  અને પ્રદર્શન પણ યોજાશે. મહોત્સવનું હેતુ માત્ર પ્રમુખસ્વામી મહારાજની જન્મ શતાબ્દીનો જ નહીં પરંતુ એક સામાજિક ક્રાંતિ લાવવાનો પણ છે. જે માટે બીએપીએસ દ્વારા અનેકાયોજનો કરાયા છે.આ આયોજનમાં રક્તદાન અંગે લોકોમાં જાગૃતતા આવે તેમજ સમાજ વ્યસન મુક્ત બને. તે માટે વિશેષ આયોજન કરાયું છે. જે મુજબ રક્તદાન શિબિર પણ યોજવામાં આવશે. આરતી શિબિરમાં પ્રમુખસ્વામી નગરમાં આવતા મુલાકાતીઓ અને હરિભક્તો સ્વેચ્છિક રક્તદાન કરી એક ઐતિહાસિક સિદ્ધિ પણ નોંધાવી શકે છે. જેમાં પાંચ લાખથી વધારે બ્લડ યુનિટ એકત્ર કરવાનો પણ ટાર્ગેટ છે.  આ બ્લડ ગુજરાતની વિવિધ બ્લડ બેંકોના સહયોગથી એકત્ર કરવામાં આવશે અને જરૂરિયાતમંદોને કોઈપણ મુશ્કેલી વિના મળી રહે તે રીતે આયોજન કરાયું છે.પ્ર મુખસ્વામી મહારાજ હંમેશા વ્યસનો થી દૂર રહેવા માટેનો આગ્રહ રાખતા હતા. તેમના વિચરણ દરમ્યાન તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના હોય કે બીજા સંપ્રદાયના હોય તેમને વ્યસનથી દૂર રાખવા માટે સતત સમજાવતા હતા.




# અમદાવાદમાં ૪૦૦ કરોડના ખર્ચે અંડરગ્રાઉન્ડ સ્ટેશન તૈયાર કરાશે

**અમદાવાદ**

થોડા વર્ષોમાં અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટથી પોતાના ગંતવ્ય સ્થાને મેટ્રો ટ્રેનમાં બેસીને પહોંચી શકાશે. આ સિવાય તમે કોઈ સ્વજનને લેવા માટે અથવા મળવા માટે એરપોર્ટ જવા માંગતા હશો તો પણ મેટ્રો તમારા માટે મદદરુપ સાબિત થઈ શકે છે.

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ દ્વારા રજૂ કરવામાં આવેલા એરપોર્ટના માસ્ટર પ્લાનમાં જણાવ્યા અનુસાર, એરપોર્ટ પરિસરમાં ટૂંક સમયમાં એક મેટ્રો સ્ટેશન અને મેટ્રો-લિંક કોરિડોર તૈયાર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે એરપોર્ટ્સ ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી સમક્ષ આ યોજના રજૂ કરવામાં આવી હતી. અહીં મેટ્રો સ્ટેશન બની જશે તો પ્લેનમાં મુસાફરી કરવા જનારા લોકો મેટ્રો ટ્રેનમાં બેસીને ડાઈરેક્ટ એરપોર્ટ પહોંચી શકશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટમાં લગભગ ૪૦૦ કરોડ રુપિયા ખર્ચ થઈ શકે છે. અને મેટ્રો સ્ટેશન માટે જે સ્થળ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે તે ટર્મિનલ ૨ પાસે છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન, એરપોર્ટના સંચાલકો તેમજ અન્ય પક્ષો વચ્ચે અત્યારે આ પ્રોજેક્ટને લગતી ચર્ચાઓ ચાલી રહી છે અને યોજના તૈયાર થઈ રહી છે, પરંતુ જમીન અધિગ્રહણની પ્રક્રિયા ટૂંક સમયમાં શરુ કરી દેવામાં આવશે. આ સિવાય અન્ય જે પણ મંજૂરીઓ મેળવવાની હોય છે તેનું કામ પણ શરુ કરવામાં આવશે.

# ગુજરાતી વિદ્યાર્થીઓએ પ્રદૂષણથી મુક્તિ આપે તેવુ ઈંટ મશીન બનાવ્યું

**અમદાવાદ**

અમદાવાદમાં આવેલી પોલિટેકનિક કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અંદાજિત દોઢ લાખ રૂપિયાના ખર્ચે બ્રિક મેકિંગ મશીન તૈયાર કર્યું છે. ઘરના બાંધકામમાં વપરાતી ઈંટોની જેમ જ બ્રીકનો ઉપયોગ થઈ શકશે.

૫ વિદ્યાર્થીઓએ મળીને બ્રિક મેકીંગ મશીન બનાવ્યું છે. બ્રીક મેકિંગ મશીનમાં એક બ્રીક બનાવવા માટે ૮૦% માટી, ૫% લાઈમ, ૫% સ્ટોન ડસ્ટ અને ૧૦% સિમેન્ટ મિક્સ કરીને તૈયાર કરવામાં આવે છે. માત્ર બે સેકન્ડમાં એક બાય અડધો ફૂટની એક બ્રીક બનીને તૈયાર થાય છે.

જો બ્રિકનો વપરાશ બાંધકામ ક્ષેત્રમાં થાય તો આગામી સમયમાં વાતાવરણમાં પ્રદૂષણ અટકે તેમજ ઘરોમાં ગરમીનો અહેસાસ ઓછો થવાનો દાવો આ વિદ્યાર્થીઓ દ્વારા કરાઈ રહ્યો છે.

ભઠ્ઠામાં બનતી ઈંટોની વાતાવરણમાં પ્રદૂષણ ફેલાય છે તેમજ દિવાળીનાં સમયમાં દેશભરમાં પ્રદૂષણ વધતું હોય છે એવામાં આ બ્રિક બનાવવામાં વાતાવરણમાં કોઈપણ પ્રકારનું પ્રદૂષણ ફેલાતું નથી. દેશભરમાં દેશના અલગ અલગ રાજ્યોમાં ગરમીની સીઝનમાં ગરમીનો પારો ૪૫ ડિગ્રીને પાર પહોંચે છે, એવામાં મકાનમાં બ્રિકનો વપરાશ કરાયો હોય તો અંદાજે ૧૦ ડિગ્રી જેટલી ઓછી ગરમીનો અહેસાસ થશે. ઈંટની સરખામણીમાં બ્રીકની ક્ષમતા પણ લગભગ બમણી છે.

# મોટેરામાં જ્વેલર્સને સ્ટ્રોંગરૂમમાં ગોંધી યુવકોએ ૧.૫૦ કરોડનું સોનું લૂંટી લીધું

## બંને યુવકો ડીસ્પ્લેમાં મુકેલા ત્રણ કિલો સોનાના દાગીના લઇને નાસી ગયા

**અમદાવાદ**

રાણીપ સુવર્ણ એપાર્ટમેન્ટમાં રહેતા મહેશ શાહ મોટેરામાં અંજલી જ્વેલર્સના નામે સોનાના દાગીનાનો વ્યવસાય કરે છે. તેમને ત્યાં ચિરાગ નાયક  અને સુરેન્દ્રસિંહ ઝાલા તેમને ત્યાં ઘણા વર્ષોથી નોકરી કરે છે. ધનતેરસના દિવસે ખુબ મોટાપ્રમાણમાં ઘરાકી હોવાને કારણે રાતના બાર વાગ્યા બાદ મહેશ શાહ અને બંને કર્મચારીઓ સોના દાગીનાનો સ્ટોક મેચ કરતા હતા. દાગીના મહેશ શાહ સ્ટ્રોંગ રૂમમાં દાગીના મુકવા માટે ગયા હતા ત્યારે  ચિરાગ અને સુરેન્દ્રસિંહે અચાનક સ્ટ્રોંગરૂમનો દરવાજો બહારથી બંધ કરી દીધો હતો. જેથી મહેશે બુમાબુમ કરી હતી પરંતુ, ચિરાગ અને સુરેન્દ્રસિંહે દરવાજો ખોલવાનો બદલે બહાર ડીસ્પ્લેમાં બહાર મુકેલા દોઢ કરોડના ત્રણ કિલો જેટલા સોનાના દાગીનાની લૂંટ કરીને નાસી ગયા હતા. બીજી તરફ મોડી રાત સુધી મહેશ શાહ ઘરે ન આવતા તેમના પત્ની દુકાને આવ્યા ત્યારે શટર ખુલ્લુ હતું અને સ્ટ્રોગરૂમમાં તેમના પતિનો અવાજ આવતો હતો. જેથી તેમને બહાર કાઢ્યા ત્યારે સમગ્ર બાબત જાણવા મળી હતી. જે અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતા પોલીસ કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો.




# અમદાવાદ સહિત રાજ્યમાં દિવાળીની રાત્રે ફાયર બ્રિગેડને આગના સેંકડો કોલ મળ્યા

**અમદાવાદ**

દિવાળીએ સુરત, વડોદરા અને અમદાવાદમાં ભીષણ આગના બનાવ સામે આવ્યા હતા. જોકે સદનસીબે કોઇ જાનહાનીના બનાવ સામે આવ્યાં નથી. દિવાળીની રાતે ફટાકડાના તણખલાને કારણે આગ લાગવાની ઘટના બની છે. સુરતના વેસુ વિસ્તારમાં બંધ મકાનની બાલ્કનીમાં આગ લાગવાની ઘટના સામે આવી છે.

આ સાથે અમદાવાદમાં દિવાળીની રાત સુધીમાં આગનાં ૩૦થી વધુ કોલ મળ્યા હતા. વડોદરામાં ગોત્રી ગાયત્રી સ્કૂલ સામે ૩ ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. આ સાથે ખિસકોલી સર્કલ પાસે મકાનમાં આગ લાગી હતી. . દિવાળીની રાત્રે અમદાવાદમાં ફાયર વિભાગને આગનાં ૩૦થી વધુ કોલ મળ્યાં હતા. જેમાંથી મોટાભાગની આગ ફટાકડાને કારણે લાગવાનું સામે આવ્યું છે.

# AAPને કારણે BJPએ અપક્ષ ઉભા રાખવાની જરૂર પડશે નહીં : શાહ

## વડોદરા આવેલા અમિત શાહે 151 બેઠકો જીતવાનો દાવો કર્યો

**વડોદરા**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી ઉમેદવાર ઉભા રાખવાના હોવાથી હવે ભારતીય જનતા પાર્ટીને અપક્ષ ઉમેદવાર ઉભા રાખવાની જરૂર પડશે નહીં એટલું જ નહીં આ વખતની વિધાનસભામાં પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો 149 બેઠકનો રેકોર્ડ ભારતીય જનતા પાર્ટી તોડીને 151થી વધુ બેઠક મેળવશે તેવી વાત મધ્ય ગુજરાતના આગેવાનો સાથે બેઠક યોજ્યા બાદ કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પત્રકારો સાથેની અનુપચારિક વાતચીત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે ટિકિટની ફાળવણી કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડ નક્કી કરશે પરંતુ જે ઉમેદવાર જીતી શકે તેવા સક્ષમ હોય અને સારા કાર્યો કર્યા હોય તેવા ને ટિકિટ આપવામાં આવશે વાઘોડિયા ના મધુ શ્રીવાસ્તવ અત્યારથી કહે છે કે મને ટિકિટ જરૂરથી મળશે તે અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય ગૃહ મંત્રી એ જણાવ્યું હતું કે, દરેક ધારાસભ્યને પોતે કરેલા કાર્યોને ધ્યાનમાં રાખીને તેમને ટિકિટ મળશે તેવો વિશ્વાસ રાખી શકે છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી 151 બેઠકનું લક્ષ રાખીને ચૂંટણી જીતવાની પૂર્વ તૈયારી કરી ચૂક્યું છે ત્યારે આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ 25 ટકા નવા ઉમેદવારોને ટિકિટ ટિકિટ આપીને મેદાનમાં ઉતારશે. હાલના ધારાસભ્યોમાંથી 25 ટકાની ટિકિટ કાપી નવા ઉમેદવારોને તક આપવામાં આવશે.

# વડોદરા અને અમદાવાદ વચ્ચે દોડતી ઈલેક્ટ્રીક બસ સેવા ફરીથી શરુ કરાશે

**વડોદરા**

સ્ટેટ ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા ગયા માર્ચ મહિનામાં વડોદરા-અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસની સેવા શરુ કરવામાં આવી હતી. જો કે કોઈ કારણોસર ગયા ઓગસ્ટ મહિનામાં આ બસ સેવા બંધ કરવામાં આવી હતી. ત્યારે ફરીથી આ ઈલેક્ટ્રીક બસ સેવા શરુ કરવામાં આવી છે. ત્યારે દિવાળીના તહેવારો દરમિયાન શરુ કરવામાં આવેલી આ બસ સેવાના કારણે કેટલાંય મુસાફરોને લાભ મળશે. પ્રદુષણમાં ઘટાડો થાય એ હેતુથી આ ઈલેક્ટ્રીક બસ સેવા શરુ કરવામાં આવી હતી.  સ્ટેટ ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા વડોદરા-અમદાવાદ વચ્ચે બે ઈલેક્ટ્રીક બસ સેવાની શરુઆત ગયા માર્ચ કરવામાં આવી હતી. એ પછી ઓગસ્ટ મહિનામાં આ ઈલેક્ટ્રીક બસ સેવા બંધ કરવામાં આવી હતી. પ્રદુષણમાં ઘટાડો થાય એ હેતુથી આ ઈલેક્ટ્રીક બસની શરુઆત કરવામાં આવી હતી.

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.



## સલમાન ખાનને થયો ડેન્ગ્યુ

સુપરસ્ટાર સલમાન ખાનને ડેન્ગ્યુ થયો છે. રિપોર્ટ્સ અનુસાર, એવું કહેવામાં આવી રહ્યું છે કે ડેન્ગ્યુના કારણે તેણે તેના આગામી પ્રોજેક્ટ્સનું શૂટિંગ કેન્સલ કર્યું છે. આ સાથે, એવું કહેવામાં આવી રહ્યું છે કે તે હવે આગામી કેટલાક અઠવાડિયા સુધી બિગ બોસ 16 હોસ્ટ કરી શકશે નહીં. સલમાન ખાનને ડેન્ગ્યુના સમાચારની જાણ થતાં જ તેના ચાહકો તેના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે. મળતી માહિતી મજુબ બીગબોસ હવે સલમાનની જગ્યાએ કરન જોહર હોસ્ટ કરશે.


# સ્વદેશ

09 FRIDAY 28 OCTOBER 2022


## ફિલ્મ ‘આદિપુરુષ’ની રિલિઝ પાછી ઠેલવવા સર્જકોની વિચારણા



મુંબઈ : પ્રભાસ, ક્રિતી સેનન અને સૈફ અલી ખાનની ફિલ્મ ‘આદિપુરુષ’માં રાવણના લૂક તથા નબળાં વીએફએક્સના મુદ્દે વિવાદ થયા બાદ સર્જકો ગભરાયા છે અને કદાચ રિલીઝ ડેટ પાછી ઠેલી શકે છે તેવી અટકળો વ્યક્ત થઈ રહી છે.

રાવણની ભૂમિકામાં સૈફ અલી ખાનને મધ્યયુગીન ઈસ્લામી આક્રમણખોર જેવો લૂક અપાતાં લોકો ભારે નારાજ છે. બીજી તરફ ફિલ્મનાં વીએફએક્સ અને કમ્પ્યુટર એનિમેશન પણ તદ્દન નબળી ગુણવત્તાના તથા જૂની ફિલ્મોની કોપી હોવાની ભારે ટીકાઓ થઈ છે. આ નેગેટિવ પબ્લિસિટીથી ફિલ્મના મેકર્સ ગભરાયા છે. તેઓ આગામી જાન્યુઆરીને બદલે થોડી મોડી રિલીઝ કરવાની વિચારણા કરી રહ્યા છે.

## બોલિવુડમાં આવેલો મહિલા તરફી બદલાવ સરાહનીયઃ શ્રદ્ધા કપૂર



શિલ્પીએ કંડારેલા અદ્ભૂત શિલ્પ જેવી કાયા ધરાવતી અભિનેત્રી શ્રધ્ધા કપૂરે વર્ષ ૨૦૧૦માં ‘તીન પત્તી’થી પોતાની અભિનય કારકિર્દીનો આરંભ કર્યો ત્યારે તેને કલ્પના નહોતી કે ‘તીન પત્તી’ની રમતમાં તેની હાર થવાની છે. પણ ‘હાર્યો જુગારી બમણું રમે’ને અનુસરીને પહેલી ફિલ્મની નિષ્ફળતા પછી શ્રધ્ધા બમણાં જોરે કામ કરવા લાગી. અને ‘આશિકી-૨’માં બાજી તેની તરફેણમાં આવી. હવે એક દશકથી તે સ્ટારડમનો આનંદ લઈ રહી છે. અને ટૂંક સમયમાં તે રણબીર કપૂર સાથેની લવ રંજનની એક રોમકોમમાં આવી રહી છે. બોલીવૂડમાં પોતાના એક ડઝન વર્ષના અનુભવ અને નીરિક્ષણને નજરમાં રાખીને શ્રધ્ધા કહે છે કે હું હિન્દી ફિલ્મોદ્યોગમાં આ વ ી ત્યારથી લઈને હમણાં સુધી અહીં ઘણું પરિવર્તન આવ્યું છે. તેમાં સૌથી મોટો બદલાવ છે અભિનેત્રીઓને મળતું મહત્ત્વ. અગાઉની તુલનામાં હવે ઘણી વધુ મહિલાપ્રધાન ફિલ્મો બની રહી છે. તેમને કેન્દ્ર સ્થાને રાખીને ફિલ્મોની કહાણીઓ લખાય છે. તેમના પાત્રોને પણ ઊંડાણપૂર્વક રજૂ કરવામાં આવે છે. મારા મતે અભિનય ક્ષેત્રે હમણાં અદાકારાઓ માટે શ્રેષ્ઠ સમય ચાલી રહ્યો છે. આગામી સમયમાં જે રીતે શ્રધ્ધાની ફિલ્મો આવવાની છે તે જોતાં તેનો આત્મવિશ્વાસ બુલંદી પર છે. દિવંગત શ્રીદેવી અને પીઢ અદાકારા રેખાએ ‘નાગિન’ના રોલ બખૂબી નિભાવ્યા હતાં. અને હવે શ્રધ્ધા તેમના પેંગડામાં પગ ઘાલવાની છે. તેણે વિશાલ ફુરિયાના દિગ્દર્શનમાં બનેલી ‘નાગિન’માં ઈચ્છાધારી નાગણનું પાત્ર ભજવ્યું છે.



## કંગનાની દિવાળી પોસ્ટઃ’ આ વર્ષે મેં જેનું દિલ દૂભવ્યું તે બધા એ જ લાગના હતા

મુંબઈ : અભિનેત્રી કંગના રણૌતે દિવાળીની સીધીસાદી શુભેચ્છા આપવાને બદલે તેના માની લીધેલા વિરોધીઓને ફરી અડફેટે લીધા છે. તેણે જાહેર કર્યું છે કે આ વર્ષમાં મેં જેનું પણ દિલ દુભવ્યું હોય તે બધા એ જ લાગના હતા.

કંગનાએ એકતા કપૂરની દિવાળી પાર્ટીમાં હાજરી આપી હતી. આ પાર્ટીમાં તાપસી પન્નુ તથા કરણ જોહર પણ હાજર હતાં. કંગના તાપસીને પોતાની સસ્તી કોપી કહીને વારંવાર ઉતારી પાડે છે જ્યારે તે કરણ જોહરને બોલીવૂડમાં સ્ટાર કિડઝના ગોડફાધર તરીકે ઓળખાવી આકરી ટીકાઓ કરતી હોય છે. આ પાર્ટીમાં આ બંનેનો ભેટો થયા બાદ તેણે સોશિયલ મીડિયાના એક વાયરલ મીમમાં બોલીવૂડનું નામ ઉમેરી દીધું હતું અને જણાવ્યું હતું કે આ વર્ષના અંતે મારે કબૂલ કરવું છે કે મેં બોલીવૂડમાં જેટલા પણ લોકોનું દિલ દૂભવ્યું તે બધા એ જ લાગના હતા. વ્યક્તિઓ અંગેના પોતાનાં નિવેદનો માટે માફી કે ખેદ વ્યક્ત કરવા માગતી જ નથી પરંતુ પોતાના નિવેદનોને વળગી રહી છે.









## ॥ સંસ્કૃતિ ॥




સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

Paresh Peshva
Marketing Director
SWADESH


### તાજમહેલમાં વર્ષોથી બંધ પડેલા 22 ઓરડા ખોલવાની માંગણી વડી અદાલતે ફગાવી દીધી

# સુપ્રીમના ચુકાદાથી તાજવિવાદ પર પૂર્ણવિરામ

અયોધ્યા બાદ જ્ઞાનવાપી અને તાજમહેલ મુદ્દે ભારતમાં મોટા વિવાદના ભણકારા છેલ્લાં ઘણાં સમયથી વાગી રહ્યા હતા. તેવા સમયે તાજમહેલના ૨૨ બંધ ઓરડા ખોલીને સંશોધન કરવાની માંગ કરતી અરજીને સુપ્રિમ કોર્ટે ફગાવી દેતાં હાલ પુરતું તાજમહલ વિવાદને ચગાવવાની મથામણ પર પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે. આ સાથે જ ભારતમાં એક મોટો વિવાદ જન્મતા પણ અટકી ગયો છે. અરજદારે તેની અરજીમાં તાજમહેલના કહેવાતા વાસ્તવિક ઈતિહાસનો અભ્યાસ કરવાનું તથ્ય રજૂ કર્યું હતુ. સાથે જ તાજમહેલ એક હિંદુ મંદિર તોડીને બનાવાયો છે એ પ્રકારનો વિવાદ ઉઠી રહ્યો હોવાથી ફેક્ટ-ફાઈન્ડિંગ સમિતિની રચના કરવાની માંગ કરી હતી.

આ અરજીમાં કોર્ટ સમક્ષ માગણી કરાઈ હતી કે, તાજમહેલમાં અત્યાર સુધી બંધ રખાયેલા ૨૨ રૂમને ખોલવાની મંજૂરી આપવામાં આવે કે જેથી જાણી શકાય કે, તાજમહલની અંદર કોઈ દેવી-દેવતાની મૂર્તિ કે શિલાલેખ છે કે નહીં. તાજમહેલના આ ૨૨ રૂમ ઘણા દાયકાઓથી બંધ હોવાથી તેમાં દેવ-દેવીઓની મૂર્તિઓ હોઈ શકે છે.

સુપ્રીમમાં થયેલી અરજીમાં એવો દાવો પણ કરાયો હતો કે, કેટલાક ઈતિહાસકારોના મતે મુખ્ય સમાધિ અને ચમેલીના માળની નીચેના બંધ ૨૨ રૂમમાં હિંદુ ધર્મસ્થાનના પુરાવા હોઈ શકે છે. સુપ્રીમ કોર્ટે આ પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશનને એમ કહીને ફગાવી દીધી છે કે, આ પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશનને બદલે પબ્લિસિટી ઈન્ટરેસ્ટ લિટિગેશન વધારે લાગે છે. આ પહેલા અલ્હાબાદ હાઈ કોર્ટની લખનઊ બેન્ચે આ અરજીને ફગાવી દીધી હતી. આ સમયે કોર્ટે ટાંક્યું હતું કે, અરજદારે જઈને ઈતિહાસનો અભ્યાસ કરવો જોઈએ અને પછી આ પ્રકારની અરજીઓ કરવી જોઈએ. રૂમ ખોલવાની માંગણી માટે નક્કર આધાર અને ઐતિહાસિક સંશોધનની જરૂર છે. આ અરજી કોઈપણ પ્રકારના સંશોધન વિના કરાઈ હોવાથી તેને સ્વીકારી શકાય તેમ નથી. સુપ્રીમ કોર્ટે પણ એવો જ મત વ્યક્ત કર્યો છે. સુપ્રીમે ટાંક્યુ છે કે, હાઈ કોર્ટે યોગ્ય નિર્ણય લીધો છે અને આ અરજી જાહેર હિતને બદલે પ્રસિદ્ધિ માટે દાખલ કરવામાં આવી હોવાનું જણાય છે.

અલ્હાબાદ હાઈ કોર્ટની લખનઊ બેંચે અરજીને ફગાવી પછી અરજદારો માટે સુપ્રીમ કોર્ટ જ એક છેલ્લી આશા હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે પણ અરજીને ફગાવી દેતાં હાલ પૂરતો આ વિવાદ પતી ગયો છે. જો કે, ભવિષ્યમાં કોઈ નવા આધાર પુરાવા કે તર્ક સાથે સુપ્રીમ કોર્ટમાં અપીલ થાય અને કોર્ટ તેને માન્ય રાખે તો એ અલગ વાત છે.



**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

તાજમહલને હિંદુ ધર્મસ્થાન તરીકે સાબિત કરવા કેટલાય સમયથી પ્રયાસો થઈ રહ્યા છે. અને તેના પ્રણેતા ભાજપના નેતા છે. આ મુદ્દો લાંબા સમયથી ગાજે છે પણ યોગી આદિત્યનાથ સરકારે આગ્રાનું નામ બદલીને અગ્રબન કરવાનો નિર્ણય લીધો પછી તાજ મહલનો વિવાદ નવેસરથી શરૂ થયો છે. વર્ષોથી ઘણા હિંદુવાદી નેતા માને છે કે, તાજમહલ શિવમંદિર તોડીને બનાવાયું છે. આગ્રાનું નામ બદલવાની ઝૂંબેશ જગત પ્રસાદ ગર્ગ નામના નેતાએ ચલાવી હતી. ગર્ગ તો એવું માનતા હતા કે, તાજમહલ પહેલાં તેજો મહાલય નામે શિવમંદિર હતું અને આ શિવમંદિર તોડીને શાહજહાંએ પોતાની બેગમ મુમતાઝ મહલ માટે કબર બનાવી હતી. જે પછીથી તાજમહલ તરીકે ઓળખાતી થઈ.

મૂળ બજરંગ દળના અને પછી ભાજપમાં આવેલા વિનય કટિયારે તો તાજમહલ મૂળ તો શિવમહાલય નામે હિંદુઓનું મંદિર હતું પણ મોગલોએ તેને તોડીને તાજમહલ બનાવી દીધો તેથી તાજમહલ તોડી પાડી ત્યાં ફરીથી મંદિર બનાવી દેવું જોઈએ તેવી વાત પણ કરી નાંખી હતી. કટિયારના કહેવા પ્રમાણે જે સ્થળે શિવલિંગ હતું ત્યાં જ મકબરો બનાવાયો છે. તાજમહલમાં હિંદુ મંદિરનાં બધાં લક્ષણો છે જ. ભારતમાં હિંદુવાદીઓનું વલણ જોતાં આજે નહીં તો કાલે તાજમહલનો મુદ્દો ગરમ થવાની સંભાવના છે. આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટે લીધેલા નિર્ણયથી હાલ ધર્મસ્થાનને નામે શરૂ થનારો સંભવિત વિવાદ હાલ પુરતો અટકી ગયો છે. ભારતમાં મુસ્લિમ આક્રમણખોરોએ હિંદુ ધર્મસ્થાનોને તોડીને બનાવેલી મસ્જિદો ફરી હિંદુઓને સોંપવાનો મુદ્દો ઘણાં સમયથી ગરમાય રહ્યો છે.

### અરજદારે એક હિંદુ મંદિરને તોડીને તાજમહેલને બનાવાયો હોવાનો વિવાદ ઉઠી રહ્યાનો તર્ક રજૂ કર્યો, પરંતુ સુપ્રીમે તેને પબ્લિસીટી ઈન્ટરેસ્ટ લિટિગેશન ગણાવ્યો

રાજકીયલાભ માટે રાજકીયપક્ષો પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેને હવા આપી રહ્યા છે. જયારે આવા મુદ્દે કહેવાતા હિંદુવાદીઓ તો પહેલાંથી જ મેદાનમાં છે. અત્યાર સુધી અનેક કિસ્સામાં કાનૂની લડત પણ શરૂ થઈ ગઈ છે. કાશીનું વિશ્ર્વનાથ મહાદેવ મંદિર, મથુરાનું કૃષ્ણ જન્મભૂમિ મંદિર, આગ્રાનો તાજમહલ, દિલ્હીનો કુતુબ મિનાર અને ભોપાલની ભોજશાળા એ પાંચ મોટાં ધર્મસ્થાનો હિંદુઓને સોંપવાની માગણી સાથે હિંદુવાદીઓ કોર્ટમાં પહોંચ્યા છે અને કોર્ટમાં તે અંગે કાર્યવાહી પણ ચાલી રહી છે. આ માહોલમાં તાજમહેલ અંગેના દાવાને સુપ્રીમ કોર્ટે સ્વીકાર્યો હોત તો ચોક્કસ જ ભારતમાં એક મોટો વિવાદ ઉભો થાત. તાજમહલનો કિસ્સો તો અલગ છે પણ બીજા કેસોમાં પણ આવું જ વલણ અપનાવાય એ જરૂરી છે કેનમ કે આ દેશને ધર્મસ્થાનોને લગતા વિવાદોની જરૂર નથી પણ વિકાસ માટેનાં કાર્યોની જરૂર છે. કમનસીબે અદાલતો પણઆ વાત ભૂલીને વર્તી રહી છે. ૧૯૯૧માં કેન્દ્રની નરસિંહરાવ સરકારે દેશનાં તમામ ધાર્મિક સ્થળોને લગતા વિવાદોમાં યથાસ્થિતિ જાળવી રાખવા માટે પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ બનાવ્યો હતો.

કાયદા હેઠળ ધર્મસ્થાનોને લગતા તમામ વિવાદો ઉપર પૂર્ણવિરામ મૂકી શકાય એમ છે પણ આવા મુદ્દાને કોઈને કાઈ રીતે કોર્ટ સમક્ષ લઈ જવામાં પણ અરજદારો સફળ થઈ રહ્યા છે.

મથુરાના વિવાદમાં કોર્ટે કહ્યું જ છે કે, આ કાયદો અહીં લાગુ ના પડે કેમ કે આ કાયદો બન્યો તેના બહુ પહેલાં આ વિવાદ શરૂ થઈ ગયો હતો. તાજમહલના કેસમાં એવું વલણ નથી અપનાવાયું એ સારી વાત છે. આ પ્રકારના વિવાદોનો બીજો ઉકેલ હિંદુવાદીઓ અને મુસ્લિમો પણ સમજદારી બતાવે એ છે. ભારતમાં આક્રમણ કરનારા મુસ્લિમ શાસકોએ અનેકગણાં મંદિરો તોડીને મસ્જિદો બનાવી હતી તેમાં બેમત નથી. માત્ર મંદિરો જ નહીં પણ બૌધ્ધ અને જૈન ધર્મનાં ધર્મસ્થાનો તોડ્યાં હોવાના ઐતિહાસિક પુરાવા પણ ઉપલબ્ધ છે. અત્યારે હિંદુવાદીઓ મુસ્લિમ આક્રમણખોરોની જેમ મસ્જિદો તોડીને મંદિરો બનાવવાની વાત કરે એ યોગ્ય નથી પણ સામે મુસ્લિમોએ પણ થોડીક સમજદારી બતાવવી જોઈએ. સંઘર્ષના બદલે સમાધાનનો રસ્તો શોધવા પ્રયત્ન કરવો જોઈએ અને તેને માટે સંવાદ કરવો જોઈએ.

# ટોરોન્ટોના BAPS મંદિરે રોશનીની ઝાકમઝોળ વચ્ચે દિવાળી ઉજવાઈ






**ટોરોન્ટો**

ટોરોન્ટો BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે રંગો અને લાઈટ્સ માર્ક સાથે દિવાળીની ઉજવણી કરાઈ હતી. ટોરોન્ટોમાં 61 ક્લેરવિલે ડ્રાઈવ ખાતે સ્થિત મંદિરે દિવાળી નિમિત્તે રંગારંગ આયોજન કરાયું હતુ.

મંદિરના પ્રવેશદ્વાર પર રંગબેરંગી રંગોળી સાથે ઉત્સવપૂર્ણ અને પરંપરાગત રીતે મુલાકાતીઓનું સ્વાગત કરાયું હતુ. રંગીન પાવડરમાંથી બનાવેલી અલંકૃત ફ્લોર ડિઝાઈન સાથે વિવિધ પરંપરાગત હિન્દુ પ્રતીકો દર્શાવાયા હતા. શણગાર માટે બીએપીએસ પરિવાર, મિત્રો અને સમુદાયના સભ્યો અને બાળકોએ સહયોગ આપ્યો હતો. દિનેશ વાઢેરે કહ્યું હતુ કે, ‘અન્નકુટ’ માટે સ્ટેજ સેટ કરવા સૌએ સહકાર આપ્યો હતો. પ્રવૃત્તિ સંયોજક અંકિત પરમારે સમજાવ્યું, કે, શાકાહારી ખોરાકને પરંપરાગત રીતે ભગવાનની પવિત્ર મૂર્તિઓ સમક્ષ ધરાવાયો હતો. આ તકે સીન ફ્રેઝર (ઈમિગ્રેશન, અને નાગરિકતા વિભાગના મંત્રી), કિર્સ્ટી ડંકન (ઈટોબીકોક ઉત્તરના સંસદ સભ્ય), પિયર પોઈલીવરે (કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા), ડગ ફોર્ડ (ઑન્ટેરિયોના પ્રીમિયર), મોન્ટે મેકનોટન (શ્રમ, ઈમિગ્રેશન, તાલીમ અને કૌશલ્ય વિકાસ ખાતાના મંત્રી), સીન ફ્રેઝર (ઈમિગ્રેશન, વિભાગના મંત્રી)એ ટ્વિટ કરી સમુદાયને શૂભેચ્છા આપી હતી.

# પ્રમુખ સ્વામી મહારાજની જયંતિ ઉજવવા માટે US સંસદમાં પ્રસ્તાવ

**નવી દિલ્હી**

અમેરિકાની સંસદ એટલે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પ્રમુખ સ્વામી મહારાજની 100મી જયંતિ ઉજવવાનો પ્રસ્તાવ મુકાયો છે.

અમેરિકાના સાંસદ એન્ડ્રુ ગારબેરિનો દ્વારા આ પ્રસ્તાવ રજૂ કરીને કહેવામાં આવ્યુ હતુ કે, પ્રમુખ સ્વામી મહારાજનો સંદેશો છે કે બીજાની ખુશીમાં જ આપણી ખુશી છુપાયેલી છે.આ સંદેશમાં ઉડી કરુણા છુપાયેલી છે.

સાંસદે કહ્યુ હતુ કે, પ્રમુખ સ્વામી મહારાજે પોતાની સેવાની જવાબદારી સંભાનારા લોકોને હંમેશા પ્રામાણિક સલાહ આપી હતી અને લાખો લોકોની આધ્યાત્મિક તેમજ શારીરિક જરુરિયાતો પૂરી કરી હતી.ગુજરાતના ચાણસદ ગામમાં જન્મેલા પ્રમુખ સ્વામી મહારાજે પવિત્રતાની શોધમાં બહુ નાની ઉંમરે વિનમ્રતા અને નિસ્વાર્થ ભાવનાથી ભૌતિક સંપત્તિનો ત્યાગ કરીને આધ્યાત્મિક રસ્તે ચાલવુનુ પસંદ કર્યુ હતુ.

પ્રમુખ સ્વામી મહારાજની આધ્યાત્મિકતા અને નેતૃત્વના ગુણોએ બીએપીએસના વિસ્તારમાં મદદ કરી હતી.જેના આજે દુનિયામાં 1100 અને અમેરિકામાં 150 કેન્દ્રો અને મંદિરો છે.

# ભડકાઉ ભાષણ આપવા બદલ આઝમ ખાનને ત્રણ વર્ષની કેદ

**નવી દિલ્હી**

સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય આઝમ ખાનને ભડકાઉ ભાષણ આપવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા છે. ગુરુવારે રામપુર કોર્ટે આઝમને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે આઝમ ખાનને આઈપીસીના લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ 153-A, 505-A અને 125 હેઠળ દોષિત ઠેરવ્યા છે. સૂત્રો પાસેથી જાણકારી મળી આવી છે કે આ મામલે તેઓને ત્રણ વર્ષની કેદની સજા આપવામાં આવી છે.

2017ની વિધાનસભા ચૂંટણી પહેલા આઝમ અખિલેશ સરકારમાં મંત્રી હતા જ્યારે તેમની સામે માત્ર એક જ કેસ નોંધવામાં આવ્યો હતો. હાલ આઝમ 80થી વધુ કેસમાં આરોપી છે. મળતી માહિતી મુજબ આઝમ અને તેના પરિવાર સામે ઉશ્કેરણીજનક ભાષણો આપવાના, લૂંટથી લઈને ચોપડી ચોરવા સુધીના 165 થી વધુ કેસ નોંધવામાં આવ્યા છે.

2019ની લોકસભા ચૂંટણી દરમિયાન, આઝમ ખાને મિલક કોતવાલી વિસ્તારના ખતનાગરિયા ગામમાં એક જાહેર સભાને સંબોધિત કરી હતી. આ જાહેર સભા દરમિયાન તેમના પર ભડકાઉ ભાષણ કરવાનો આરોપ લાગ્યો હતો. આરોપ હતો કે તેમના નિવેદનથી બે વર્ગો વચ્ચે નફરત ફેલાઈ શકે છે. જેનો વીડિયો વાયરલ થયો હતો.




# સુરક્ષા માટે મહત્ત્વનું સ્ટેગોમાલવેર

સાયબર રિસર્ચ લેબ્સના સાયબર સિક્યુરિટી નિષ્ણાતો દ્વારા તાજેતરમાં સ્ટેગનોગ્રાફીનો ઉપયોગ કરીને સ્ટેગોમાલવેરની સંખ્યામાં વધારો નોંધવામાં આવ્યો છે. સ્ટેગનોગ્રાફી મુખ્યત્વે એક એવી પદ્ધતિ છે જેમાં સામાન્ય સંદેશ અથવા ફાઈલની અંદર ચોક્કસ રીતે ડેટા છુપાવવાનો સમાવેશ થાય છે. જેમાં ટેક્સ્ટ, ઈમેજ અને વિડિયો નો સમાવેશ થાય છે.

તેમાં કોઈ શંકા નથી કે સ્ટેગનોગ્રાફી એ માલવેરની સૌથી વધુ ટાળી શકાય તેવી અને શોધવામાં મુશ્કેલ પદ્ધતિઓ પૈકીની એક છે. એન્ટિ-વાયરસ સૉફ્ટવેર અને એન્ટિ-મૉલવેર સિસ્ટમ્સ જેવી ડિટેક્શન મિકેનિઝમ્સને ટાળવા માટે સ્ટેગોમાલવેર ઈમેજ સ્ટેગનોગ્રાફીનો ઉપયોગ કરે છે. ઈમેજ સ્ટેગનોગ્રાફીના ઉપયોગના પરિણામે છેલ્લા ૭૦ દિવસમાં 1800 થી વધુ માલવેર નમૂનાઓ ઓળખવામાં આવ્યા છે.

સ્ટેગનોગ્રાફીનો ઉપયોગ કરતા કેટલાક અગ્રણી માલવેર જેમાં મુખ્યત્વે Knotweed, Web Shells, Hacking



Tools: Mimikatz, Rubeus, NanoCore RAT, AgentTesla અને XLoader સમાવેશ થાય છે.

એવું જાણવા મળ્યું છે કે .JPG+EXE માલવેરના અસંખ્ય કિસ્સાઓ બહુવિધ ખતરનાક એટેક્સના મોનિટરિંગ દરમિયાન જોવામાં આવ્યા છે. મેલીસીયસ exe ફાઈલને સામાન્ય રીતે કાયદેસર ઈમેજ ફાઈલ તરીકે છુપાવવામાં આવે છે અને તે પછી ઈમેજ સ્ટેગનોગ્રાફી ટેકનિકનો ઉપયોગ કરીને ઈમેજ ફાઈલમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે. સંશોધકોએ જુલાઈ 2022 ના છેલ્લા કેટલાક અઠવાડિયામાં બે એટેક્સની જાણ કરી છે. જે અજાણ્યા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યા હતા. આ એટેક્સમાં સ્ટેગનોગ્રાફીનો ઉપયોગ સાયબર એટેક કરવા માટે માલવેર પેલોડ પહોંચાડવા માટે કરવામાં આવ્યો હતો.

APT TAs દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી અસર વિશે વિવિધ અહેવાલો બનાવવામાં આવ્યા છે. exploit DB ફાઈલોનો ઉપયોગ કરીને ICS/SCADA સિસ્ટમ પર SFX ફાઈલને મુકવામાં આવે છે. આ એટેક વેક્ટર સાથે અન્ય સિસ્ટમો પર પણ એટેક કરી શકાય છે. એક્સ્ટેંશન .SFX સાથે એક્ઝિક્યુટેબલ ફાઈલમાં સંકુચિત ડેટા હોય છે જે અમલીકરણની પ્રક્રિયા દરમિયાન અનકમ્પ્રેસ કરી શકાય છે. SFX ફાઈલમાં બંધ કરાયેલી સંકુચિત ફાઈલોને એક્ઝિક્યુટ કરવી પણ શક્ય છે, જે TAsને આ ટેકનિક દ્વારા સરળતાથી માલવેરને એક્ઝિક્યુટ કરવાની મંજૂરી આપે છે.

beinghumanmj

## સ્ટેગોમાલવેરથી કઈ રીતે બચી શકાય?

1 ખાતરી કરો કે તમે નવીનતમ એટેક્સ તકનીકોથી વાકેફ છો જે હેકર્સ ગ્રુપ દ્વારા કાર્યરત છે.
2 ખાતરી કરો કે તમારા ડેસ્કટોપ, લેપટોપ અને મોબાઈલ ફોન જે ઈન્ટરનેટથી કનેક્ટ હોય તેવા ડીવાઈસમાં એન્ટી-વાયરસ હોવું જરૂરી છે.
3 માલવેર અથવા ટ્રોજન દ્વારા ડેટા એક્સફિલ્ટ્રેશનને રોકવા માટે નેટવર્ક લેવલ પર સિક્યુરીટી વધારવી.
4 શંકાસ્પદ ઈમેજીસનું જાતે જ નિરીક્ષણ કરતી વખતે ફાઈલના સમાવિષ્ટો, તેમજ અસામાન્ય ફાઈલ સિગ્નેચર અને પ્રોપર્ટીસ તપાસો.
5 કોઈપણ ફાઈલ ડાઉનલોડ કરતા પહેલા એ ભલામણ કરવામાં આવે છે કે તમે વિશ્વસનીય સ્ત્રોત પરથી જ ડાઉનલોડ કરો છો.
6 પાસવર્ડ નિયમિત સમયાંતરે અપડેટ કરવા જોઈએ.
7 ખાતરી કરો કે તમે બધી લિંક્સ અને ઈમેઈલ એટેચમેન્ટ ખોલતા પહેલા તેની અધિકૃતતા ચકાસ્યા છે.
8 વાઈરસ ફેલાવતા URL, જેમ કે ટોરેન્ટ અને વેરેઝ ને બ્લોક કરવા જોઈએ.
9 ખાતરી કરો કે કર્મચારીઓની સિસ્ટમ્સ, ડેટા લોસ પ્રિવેન્શન (DLP) સોલ્યુશન્સથી સજ્જ છે.

### શીર્ષક : નવલા વર્ષની પ્રાર્થના
### કવયિત્રિ : હિના મોદી

હે...મા ! હે...જગદંબા !
સંવત ૨૦૭૮ સુધી શું મેળવ્યું , શું ગુમાવ્યુંનાં લેખાંજોખાંમાં હું નહીં પડું એવી શક્તિ દે, ભક્તિ દે.
ભલે કરે કે નહિં કરે કોઈ પ્રેમ- આદર
એ બધું ભૂલી જાઉં એવી સરકતી રેત દે.
મારે નથી શીખવું સંબંધોનું સમીકરણ,
સ્નેહનો સરવાળો કરવાનું ગણિત સમજાવી દે, શીખવી દે.
સંબંધોનો સાગર ઉરે ભરી દે;
ક્ષિતિજનાં પેલે પાર જેવો નિજાનંદ અંતરે ભરી દે.
હે...મા...! હે...જગદંબા !
મને જીવતરનાં માળાની સળીઓ ગૂંથવાનું જ્ઞાન દે, ભાન દે.
આકાશનાં આંગણામાં રંગોળી પૂરવાની કળા દે, કૌશલ્ય દે.
હે મા...! હે...જગદંબા !
હોય ખળખળતું ઝરણું
હોય વહેતી નદી કે,
હોય સમંદરમાં ભરતી -ઓટ
મને પાણીથી
પાતળી પળોમાં તારું નામ કોતરવાની સમતા દે, ક્ષમતા દે.
પવનની ઝીણી ઝીણી લહેરખી
મારાં શ્વાસ-ઉચ્છવાસમાં મહેંકાવી દે.
હે...મા... ! હે...જગદંબા !
સંવત ૨૦૭૯ની હરક્ષણે-હરપલે
તારી અસીમ કૃપા અમ જીવમાત્ર પર
વરસાવી દે, સવનાં જીવનનો બેડો પાર ઉતારી દે.

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

Available on the App Store

GET IT ON Google Play

હવે APP STORE તથા PLAY STORE પરથી

SWADESH NEWS

ટાઈપ કરી મોબાઈલ એપ્સ તમારા ફોન પર INSTALLED કરી ઘરે બેઠા બેઠા કોરોના તથા દેશ-દુનિયાનાં સમાચારો વાંચો.

સ્વદેશ +1 416 996 7755 I SWADESH 24x7

HAPPY DIWALI HAPPY NEW YEAR

# SHIV FINANCIAL SERVICES

Serving Community Since 2009

## Limited Time Offer

**Guaranteed!!! $500,000 CASH VALUE***

**At the age of 65 with Life Insurance of a Million Dollar.**

*Plan is suitable for age upto 45!

Call for more details

**JAGDISHBHAI SEVAK**

Insurance Broker

**647-236-7620**

sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca



*Disclaimer: This policy is offered by UV Insurance. Everyone may not be eligible for this policy. Smaller face amounts of life insurance also available. Our licensed advisors do comprehensive life insurance and financial needs analysis. Tax applicable at the time of withdrawal. In the case of death, benefits are tax-free.

HAPPY DIWALI

## Accounting, Book Keeping, Tax Services & Loans

**Manishaben Sevak**


**Direct: 647-770-3876**

Email: sevakmanisha@gmail.com

- ✓ Personal, Business & Corporate Tax
- ✓ Accounting & Bookkeeping
- ✓ Financial Statement
- ✓ Payroll, HST, WSIB Returns
- ✓ New Business Registration & Incorporation



# નૂતન વર્ષની પહેલી પ્રભાતે અંબાજીમાં મંગળા આરતી



**પાલનપુર -** બનાસકાંઠામાં આવેલ શ્રદ્ધાળુઓના પવિત્રધામ અંબાજીમાં તહેવારો પર ભારે ભીડ જોવા મળી હતી. બેસતા વર્ષના દીવસે સવારે મંગળા આરતી કરાઈ હતી. ભટ્ટજી મહારાજ દ્વારા આરતી કરવામાં આવી હતી. ગુજરાતના અનેક ભક્તો નવા વર્ષની શરૂઆત માતાજીના દર્શન કરીને કરે છે. આ વર્ષે પણ હજારો લોકો મંદિરે ઉમટી પડ્યા હતા.

# વડોદરામાં પણ હવે મિલિટ્રીના વિમાન બનશે, 1 લાખ લોકોને મળશે રોજગારી

**ગાંધીનગર**

ગુજરાતને વેદાંત-ફોક્સકોન ગ્રુપનું જંગી રોકાણ બાદ ફરી એક મોટો પ્રોજેક્ટ મળ્યો છે. ટાટા અને એરબસ એ વડાપ્રધાન મોદીના ગૃહ રાજ્યમાં રૂ. 22,000 કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરી છે. ટાટા અને એરબસ અહીં મિલિટ્રી માટે ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ બનાવશે. રક્ષા સચિવ ડૉ. અજય કુમારે જણાવ્યું કે દેશમાં આ પ્રકારનો આ પહેલો પ્રોજેક્ટ છે જેના હેઠળ એક પ્રાઈવેટ કંપની સેનામાં ઉપયોગમાં લેવાતા એરક્રાફ્ટ બનાવશે.

આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ 21,935 કરોડ રૂપિયા થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે વડોદરામાં આ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. ગુજરાતમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. સરકાર આ પ્રોજેક્ટ માટે હજારો નોકરીઓનું વચન પણ આપી રહી છે. આ વર્ષે સપ્ટેમ્બરમાં ગુજરાત સરકારે વેદાંતા-ફોક્સકોન ગ્રૂપ સાથે રૂ. 1 લાખ 54 હજાર કરોડના પ્રોજેક્ટ માટે કરાર કર્યા હતા.

વેદાંત લિમિટેડ અને તાઈવાનની ફોક્સકોન સંયુક્ત રીતે ગુજરાતમાં સેમિકન્ડક્ટરનું ઉત્પાદન કરશે. તેનો પ્લાન્ટ અમદાવાદ નજીક સ્થાપવામાં આવશે. સરકારની વીજળી અંગે પણ સમજૂતી કરવામાં આવી છે. ગુજરાત સરકાર આ પ્રોજેક્ટ માટે વીજળીની સાથે અન્ય સુવિધાઓ પણ આપશે.

# ચૂંટણી પહેલાં ગુજરાત સરકાર દ્વારા 1382 PSIની ભરતી કરાઈ

**ગાંધીનગર**

રાજ્ય સરકારે 1382 પીએસઆઈની ભરતીનું ફાઈનલ મેરિટ લિસ્ટ પોલીસ ભરતી બોર્ડની વેબસાઈટ પર જાહેર કરી દેવામાં આવ્યું છે. રાજ્યના આઈપીએસ અધિકારી વિકાસ સહાયે ટ્વીટ કરીને આ જાણકારી આપી છે.


ગુજરાત સરકારે ચૂંટણી પહેલા 1382 પીએસઆઈની પોસ્ટનું ફાઈનલ મેરિટ લિસ્ટ જાહેર કરી દીધુ છે. જે 180 ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી થઈ નથી તેનું લિસ્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. 1200થી વધુ પાસ થયેલા ઉમેદવારોને 29 ઓક્ટોબરે પસંદગી પત્ર આપવામાં આવશે. આ પહેલા રાજ્યના ગૃહ વિભાગે 100 દિવસમાં 27 હજારથી વધુ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા શરૂ કરવાના લક્ષ્ય સાથે લોકરક્ષક દળની 10 હજારથી વધુ જગ્યા ભરવાની જાહેરાત કરી હતી. આ માટે 9 લાખથી વધુ અરજીઓ આવી હતી. આ સિવાય સરકારે બિનહથિયારધારી કોન્સ્ટેબલની 5200 જેટલી જગ્યા, હથિયારધારી કોન્સ્ટેબલની 797 જગ્યા અને એસઆરપી કોન્સ્ટેબલની 4450 જેટલી જગ્યા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરી હતી.

# BAPS સ્વામિનારાયણ મંદિરમાં નૂતનવર્ષે હજારો ભક્તોએ ભવ્ય અન્નકૂટના દર્શન કર્યા

**અમદાવાદ**

ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી દેશ-વિદેશના તમામ બીએપીએસ સ્વામિનારાયણ મંદિરોમાં નૂતનવર્ષ અને અન્નકૂટ ઉત્સવની ઉજવણીમાં લાખો ભક્તો સામેલ થયા હતા.

બુધવારે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર શાહીબાગ ખાતે સવારે ૭:૩૦ વાગ્યે નૂતનવર્ષ નિમિત્તે મહાપૂજા વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હજારો હરિભક્તો અને ભાવિકોએ, સંતો-ભક્તોએ ઠાકોરજીને ધરાવેલ ૬૦૦ થી વધુ વાનગીઓના મનોહર અન્નકૂટના દર્શન કરી ખૂબ આનંદનો અનુભવ કર્યો હતો. આ ઉપરાંત, ૧૫ ડિસેમ્બર, ૨૦૨૨થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ સુધી અમદાવાદમાં યોજાનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી



મહોત્સવ નિમિત્તે દેશ વિદેશના લાખો હરિભક્તોમાં આ મહોત્સવનો લાભ લેવા તથા તેમાં સેવામાં જોડાવા અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

# ઉમેદવાર પસંદગી માટે ભાજપ નિરિક્ષકોની કવાયત

## ગુરુવારથી નિરિક્ષકોના પ્રવાસની શરૂઆત થઈ, કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરવા આયોજન કરાયું

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને પગલે ભાજપે નિરીક્ષકોની નિમણૂક કરી છે. અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતમાં 6-6 નિરીક્ષકો તો જિલ્લા પ્રમાણે 3-3 નિરીક્ષકોની નિમણૂક કરાઈ છે. ગુજરાતમાં ચૂંટણીને લઈને ધમધમાટ ચાલી રહ્યો છે. તેવામાં વિધાનસભા ચૂંટણીની રણનીતિ, આગામી કાર્યક્રમો, ઉમેદવારો નામ સહીતના મુદ્દે મંથન ચાલી રહ્યું છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની તારીખો ચૂંટણી પંચ ગમે ત્યારે જાહેર કરી શકે છે. તે પહેલા ગુજરાતમાં ભાજપ પોતાના ઉમેદવારો નક્કી કરવા માટેની તૈયારી હાથ ધરી છે. આવતી કાલથી સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે ત્યારે આજે ભાજપે આજે ઝોન વાઈઝ નિરીક્ષકોની યાદી જાહેર કરી છે.

ગુજરાત ભારતીય જનતા પાર્ટીનો ગઢ ગણાય છે અને અહીં સતત ભાજપ જીતતી આવી છે ત્યારે આ વખતે ચૂંટણીમાં વિજય મેળવવા માટે શુ સ્ટેટેજી અપનાવે છે તે મહત્વનું રહેશે. તેવામાં ચુંટણીની જાહેરાત અગાઉ ભાજપે નિરીક્ષકોના નામ જાહેર કર્યા છે. ઉમેદવાર નક્કી કરવા ભાજપ 3-3 નિરીક્ષકોની પ્રત્યેક વિધાનસભા બેઠકમાં નિમણૂંક કરવામાં આવી છે. 3 દિવસ સુધી નિરીક્ષકો ગ્રાઉન્ડમાં રહી ઉમેદવારની સેન્સ પ્રક્રિયા હાથ ધરશે. સેન્સ પ્રક્રિયા બાદ નિરીક્ષકો પ્રત્યેક વિધાનસભાના નામો પ્રદેશ ભાજપને સોંપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આવતી કાલથી તારીખ 27, 28, 29 ઓક્ટોબર 2022 દરમ્યાન રાજ્યના તમામ જીલ્લાઓમાં નિરીક્ષકો પ્રવાસ કરશે. આ નિરીક્ષકોની ટીમ દરેક જિલ્લાઓમાં પદાધિકારીઓ તેમજ જિલ્લાના પદાધિકારીઓ, નગરપાલિકા, મહાનગરપાલિકા, જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો, વિધાનસભા ક્ષેત્રના તેમજ મંડલ સ્તરે સંગઠનનું કામ કરતાં કાર્યકર્તાઓ તથા ઉમેદવારી કરવાની ઈચ્છા ધરાવતા તમામ કાર્યકર્તાઓને મળશે અને તેમને સાંભળશે.

# 30 ઓક્ટોબરથી મોદી ફરી ગુજરાત પ્રવાસે આવશે

**ગાંધીનગર**

પ્રધાનમંત્રી મોદી 30 ઓક્ટોબરથી 3 દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યાં છે. 30 ઓક્ટોબરે બપોરે પ્રધાનમંત્રી મોદી ગુજરાત પ્રવાસે આવશે. પ્રધાનમંત્રી મોદી બપોરે સીધા જ સંસ્કાર નગરી વડોદરા પહોંચશે. પીએમ મોદી વડોદરામાં રોડ શો કર્યા બાદ લેપ્રસી ગ્રાઉન્ડ પહોંચશે અને ત્યાં તેઓ એક સાથે હજારોની સંખ્યામાં ઉપસ્થિત વેપારીઓ અને ઉદ્યોગપતિઓને સંબોધન કરશે. વડોદરાના કાર્યક્રમ બાદ પ્રધાનમંત્રી 31 ઓક્ટોબરે સવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર સરદાર પટેલને નમન કરશે પીએમ કેવડિયા માં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં ભાગ લેશે. જે બાદ થરાદમાં પીએમ મોદી કરોડોના વિકાસ કાર્યોની ભેટ આપશે અને સભાને સંબોધન કરશે.

# અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન સભાઓ ગજવશે

**પંચમહાલ**

અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન 28, 29, 30 ઓક્ટોબરે ગુજરાતમાં અલગ અલગ છ જગ્યાએ જનસભાઓ સંબોધવાના છે. જેમાં 28 તારીખે પંચમહાલના મોરવા હડફ અને પાટણની કાંકરેજ બેઠક પર જનસભા યોજાશે. 29મીએ ચીખલી અને ડેડિયાપાડામાં જનસભા સંબોધશે અને 30મીએ ગારિયાધાર અને ધોરાજીમાં જનસભાને સંબોધશે. પંજાબના મુખ્યમંત્રી પણ તમામ સભાઓમાં હાજર રહેશે. 30 ઓક્ટોબરે ભાવનગર બેઠક પર બપોરે 12 વાગ્યે જનસભાને સંબોધિત કરશે.

# CM ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયાથી ચૂંટણી લડશે અસારવા બેઠક પર ભાજપમાં 100થી વધુ દાવેદાર

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભાજપ દ્વારા સેન્સ લેવાની પ્રક્રિયા આરંભી દીધી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયાથી જ તેમની બેઠક પરથી જ ચૂંટણી લડશે. ભાજપે સર્વાનુમત્તે ઘાટલોડિયા બેઠક પર સીએમ ભૂપેન્દ્ર પટેલને જ એક માત્ર દાવેદાર જાહેર કર્યા છે. અન્ય કોઈએ આ બેઠક પર દાવેદારી નોંધાવી નથી. જ્યારે બીજી તરફ અમદાવાદ શહેરમાં જ એક બેઠક એવી છે જ્યાં એક સાથે 100થી વધારે નેતાઓએ ભાજપમાંથી ચૂંટણી લડવા પોતાની દાવેદારી નોંધાવી છે.

પશ્ચિમ વિસ્તારમાં આવેલી વિધાનસભા બેઠકમાં સાબરમતી અને વેજલપુર વિધાનસભા બેઠકો માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. સાબરમતી બેઠક ઉપર ભાજપના ધારાસભ્ય અરવિંદ પટેલ સહિતના દાવેદરોને નિરીક્ષકોએ સાંભળ્યા હતા. સાબરમતી બેઠક ઉપર 10 થી 12 લોકોએ દાવેદારી નોંધાવી છે. જ્યારે વેજલપુર બેઠક ઉપર 15 થી વધુ દાવેદારો સેન્સમાં હાજર રહ્યા હતાં. વેજલપુર બેઠક માટે વર્તમાન ધારાસભ્ય કિશોર ચૌહાણ, સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન હિતેશ બારોટ અને સંગઠનના હોદેદારો સહિત 15 જેટલા દાવેદારોને નિરીક્ષકોએ સાંભળ્યા હતા.

બપોર બાદ નરોડા વિધાનસભાની સેન્સ પ્રક્રિયા શરૂ થઈ હતી. જેમાં ચાલુ ધારાસભ્ય બલરામ થવાણી, પૂર્વ ધારાસભ્ય અને મંત્રી ડો. નિર્મલાબેન વાધવાણી, નરોડાના પૂર્વ કોર્પોરેટર અને અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના ચેરમેન વલ્લભભાઈ પટેલ સહિતના લોકોએ પોતાની દાવેદારી નોંધાવી છે.

# જેને ટિકિટ નહીં મળે, એના ઘરે સમજાવવા જશે ભાજપની ટીમ!

**સુરત**

આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ત્રિ-પાંખિયો ચૂંટણી જંગ ખેલાશે. જેથી આ વખતની ચૂંટણી અત્યાર સુધીની ચૂંટણીઓ કરતા કંઈક અલગ હશે. એજ કારણ છેકે, ભાજપે ટિકિટ વાંચ્છુક કાર્યકરોની નારાજગી દૂર કરવા માટે પણ ખાસ આયોજન કર્યું છે. એના માટે ખુદ પ્રદેશ ભાજપના પ્રમુખ સીઆર પાટીલે કહ્યું છે, જે કાર્યકરની ટીમ લેવાની ઈચ્છા હોય અને જો તેને ટિકિટ ન મળે તો નાસીપાસ થવું નહીં. તે કાર્યકરના ઘરે સ્પેશિયલ ટીમ સમજાવવા માટે આવશે.

।। શ્રી સ્વામિનારાયણો વિજયતે ।।

પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી લેખમાળા- લેખ – 3

# અહંકારનું અજ્ઞાન જ જીવનમાં પ્રશ્નોની પરંપરા સર્જે છે

**'I am something'** - 'હું કંઈક છું.'

**'I have done something'** - 'મેં કંઈક કરી બતાવ્યું છે.'

**'I have done something batter than other'**- 'મે બીજા કરતા કંઈક સારું કરી બતાવ્યું છે.'

ભગવાને રચેલી આ સૃષ્ટિમાં બુદ્ધિબળને કારણે મનુષ્યને ભગવાનનું શ્રેષ્ઠ સર્જન કહેવામાં આવે છે. પરંતુ જ્યારે તે ભગવાનની કર્તૃત્વ શક્તિને ભૂલે છે, અવગણે છે ત્યારે તેના અહંકારની પરિભાષા ઉપરોક્ત ત્રણ વાક્યોથી પડઘાય છે. માણસ જ્યારે અહંકેન્દ્રી બને છે, ત્યારે ભગવાનના કર્તાપણાનું અનુસંધાન ચૂકી જાય છે. અહંભાવનું અજ્ઞાન તેની સમજશક્તિને આવરે છે, અવરોધે છે.

ભક્તકવિ નરસિંહ મહેતા આ વાસ્તવિક્તાને એક દૃષ્ટાંત સાથે સમજાવતા લખે છે-

'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે' જેમ ગાડા નીચે કોઈ શ્વાન (કૂતરું) ચાલ્યું જતું હોય, તેને અહંકારથી એવો ભ્રમ થાય કે શકટનું (ગાડાનું) વહન કરનાર હુંજ છું. તે મોટું અજ્ઞાન છે.

આ અહંકારનું અજ્ઞાન જ માણસના જીવનમાં પ્રશ્નોની પરંપરા સર્જે છે. જેથી ટેન્શન, હતાશા, નિરાશા અને ભય જેવી જીવલેણ પરિસ્થિતિ ઉભી થતા વાર નથી લાગતી. વિશ્વ પ્રસિદ્ધ કલાકારો પોતાની કારકિર્દી અને પ્રખ્યાતીના અહંકારથી સતત ભયમાં જીવતા હોય છે કે,**'Someone will surpass me'** - 'કોઈક મારાથી આગળ વધી જશે તો'

ભગવાન જ સર્વકર્તાછે, સકલ સૃષ્ટિના સંચાલનકર્તા છે. આ સમજણ મહાનપુરુષોના જીવનમાં અખંડિત હોય છે. તેનું અવિરત અનુસંધાન જ તેઓની જીવનશૈલી છે. જેનું એક ઉદાહરણ એટલે પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ.

ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાને જેમણે મંદિરો, શાસ્ત્રો અને સંતોના નિર્માણ દ્વારા અકબંધ જાળવ્યો છે. દેશ-વિદેશમાં અનેક સત્સંગ કેન્દ્રો દ્વારા જેઓ સમાજમાં નૈતિક-અધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરતા રહ્યા છે. જેઓ અંગત સ્વજન બની અનેકવિધ રાહતકાર્યો દ્વારા સમાજસેવા માટે હમેશા તત્પર રહ્યા છે, એવા પ્રમુખસ્વામી મહારાજના શિરે આટઆટલા કાર્યો અને તેના વહીવટની સઘળી જવાબદારી હોવા છતાં તેઓ સદા પ્રસન્ન અને પ્રફુલિત રહી શક્યા, તેની પાછળ કોઈ પણ કાર્ય ભગવાનની કર્તૃત્વશક્તિ અને પોતાના ગુરુના આશીર્વાદથી જ



થાય છે તેવી તેમની દ્રઢ માન્યતા છે. આ સમજણથી જ તેઓ હળવા રહી શક્યા હતા.

એકવાર પ્રમુખસ્વામી મહારાજ દિલ્હી ખાતે 'અક્ષરધામ' મંદિરના બાંધકામનું નિરીક્ષણ કરવા પધાર્યા, ત્યાં બંસીપહાડપુર(રાજસ્થાન)ના ગંજાવર હજારો લાલ પથ્થરનો ખડકલો થયેલો હતો, જે હજુ નિર્માણકાર્યમાં વપરાવાનો બાકી હતો. મંદિરના નિર્માણકાર્યમાં જોડાયેલા કાર્યકર્તાઓના મનમાં સહેજે એક ભીતિ ઉત્પન્ન થયેલી કે, આ કાર્ય ક્યારે પૂર્ણ થશે? તેઓએ પોતાની મૂંઝવણ પ્રમુખસ્વામી મહારાજને જણાવી ત્યારે ભગવાનની કર્તૃત્વશક્તિમાં અખંડ વિશ્વાસ ધરાવતા તેઓ હળવા રહીને બોલ્યા કે, 'અમારી છાતી ઉપર તો એક કાંકરીનો પણ ભાર નથી.'

ઈ.સ. ૨૦૦૫માં જયારે 'અક્ષરધામ' મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું. ત્યારે તેને નિહાળીને સામાન્ય વ્યક્તિથી લઈને વિશ્વભરના મહાનુભાવો-માંધાતાઓ પાંચ જ વર્ષમાં પૂર્ણ થયેલા આ વિરાટ કાર્યને જોઈ પ.પૂ પ્રમુખસ્વામી મહારાજની પ્રશંસા કરતા થાકતા ન હતા. જેના વિચારો અને કાર્યોને અનુસરનારાની ભરમાળ હજારો-લાખોની હોય તેવા નામાંકિત દિગ્ગજો પણ આ કાર્ય પ્રત્યે નતમસ્તક બનેલા.

વખાણના એક એકથી ચડિયાતા શબ્દોની હવાથી ફુલાયા વિના તદ્દન સ્થિર રહેલા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને આ સમયે એક સંતે પ્રશ્ન પૂછ્યો કે, 'આટલા વખાણ સાંભળી કોઈપણ છકી જાય, જ્યારે આપને કંઈ અસર જ નથી!' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે સહજભાવ સાથે તેમને જણાવ્યું, 'આપણાથી ક્યાં કશું થાય છે ! જે થાય છે તે કરનારા ભગવાન છે. ગુરુ યોગીજી મહારાજના સંકલ્પે થાય છે.'

ઈ.સ. ૧૯૮૮ની વિદેશ ધર્મયાત્રા દરમિયાન અમેરિકાના હ્યુસ્ટન ખાતે એક સત્સંગીબંધુ પ્રવીણભાઈએ સ્વામીને પૂછ્યું કે, 'આપની હાજરીમાં આપની આટલી પ્રશંસા થાય છતાં આપ અહંશૂન્ય કેવી રીતે રહી શકો છો?' આ સમયે પ્રમુખસ્વામી મહારાજે સાહજિક પ્રત્યુતર વાળ્યો,'જે કંઈ થાય છે તે ભગવાનને કારણે થાય છે. આપણે કંઈ કરતા હોય તો માન આવે ને !' 'આવો વિચાર ક્યારે આવે ?' પ્રવિણભાઈએ પૂછ્યું.

'આ વિચાર ક્યારેય ટળતો જ નથી.' કેવળ ભગવાનની કર્તૃત્વશક્તિના અવિરત અનુસંધાન સાથેની પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વની આ વાસ્તવિક જીવનભાવના હતી. આવો, પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે ભગવાનને જ સર્વકર્તા જાણી, ઉદ્વેગ રહિત થઈ હળવાફૂલ બની જીવતા શીખીએ.

**- સાધુશ્રીજીકીર્તનદાસ**







# રાંચી પાસે બસમાં દીવા પ્રગટાવી સૂઈ ગયેલા ડ્રાયવર અને કંડકટર સળગી મર્યા

## દીવાથી વ્યાપક આગ લાગતા બંને બસની બહાર પણ નીકળી ન શક્યા

**રાંચી**

દીવાળીના દિવસે બસમાં દીવા પ્રકટાવી સૂઈ ગયેલા ડ્રાયવર અને કંડકટર બંને સળગી મર્યા હતા. આ દુઃખદ દુર્ઘટના અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે રાંચીના કાંટાટોલી વિસ્તારમાં આવેલા ખાદગડા બસ સ્ટેન્ડમાં ઉભેલી બસમાં ડ્રાઈવર અને કંડકટર બંને બળી મર્યા હતા. મૃતકોની ઓળખ મદન અને ઈબ્રાહીમ તરીકે થઈ છે.

તેવું પણ જાણવા મળ્યું છે કે, તે બંને બસમાં દીવો પ્રકટાવી સૂઈ ગયા હતા. તેઓ ગાઢ નિદ્રામાં હતા ત્યારે જ બસમાં આગ લાગતાં ઝબકીને જાગી ગયા પરંતુ ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. આગ ચારે તરફ ફેલાઈ ગઈ હતી. ધૂમાડાને લીધે તેઓ પૂરું જોઈ શક્યા પણ ન હતા. આથી બસની બહાર પણ તેઓ નીકળી ન શકતાં બંને બળી મર્યા હતા.



ઝારખંડના આ વિસ્તારમાં આથી ગમગીની ફેલાઈ ગઈ હતી. મુખ્યમંત્રી હેમંત સોરૈને આ અતિ કરૂણ દુર્ઘટના અંગે પોતાની સંવેદના વ્યક્ત કરતાં બંનેનાં કુટુંબીજનોને આશ્વાસન પાઠવ્યું હતું. તેવું પણ મનાય છે કે બંનેના નજીકનાં સગાઓને આશ્વાસન-વળતર પણ જાહેર કરાશે.

# મેનપુરીમાં ભાઇબીજે ચા પીધા બાદ બે સગા ભાઇ સહીત 4 લોકોના મોત

**મેનપુરી**

ઉત્તર પ્રદેશના મેનપુરીમાં ભાઈબીજાના દિવસે એક ઘરમાં માતમ છવાઈ ગયો છે. ઘરમાં બનેલી ચા પીવાથી માસૂમ બે સગા ભાઈઓ સહિત ચાર લોકોના મોત થયા છે. સાથે જ ઝેરી ચા પીવાથી એક વ્યક્તિની હાલત ગંભીર છે. ગામ નગલા કન્હઈમાં શિવનંદનના ઘરે ગુરૂવારે સવારે ભાઈબીજની તૈયારી ચાલી રહી હતી. ફિરોજાબાદના રહેવાસી સાસુ રવિંદ્ર સિંહના ઘરે આવ્યા હતા.

તમામ લોકો ચા પીવા બેસ્યા હતા. ચા પીધા બાદ રવિન્દ્ર સિંહની અચાનક તબિયત ખરાબ થઈ ગઈ હતી. તે બેભાન થઈને ઢળી પડી હતી. પરિવારજનો જ્યાં સુધી તેમને સંભાળે, ત્યાં સુધી શિવનંદનના છ વર્ષીય મોટા પુત્ર શિવાંગ અને પાંચ વર્ષીય પુત્ર દિવ્યાંશની હાલત બગડી ગઈ અને ઉતાવળમાં પરિવારજનો ત્રણેયને લઈને જિલ્લા હોસ્પિટલ પહોંચ્યા હતા.

જ્યાં ડોક્ટરોએ રવિન્દ્ર સિંહ, શિવાંગ અને દિવ્યાંશને મૃત જાહેર કરી દીધા હતા. તો બીજી તરફ શિવનંદન અને સોબરન સિંહની હાલત ગંભીર જણાતાં સૈફઈ રીફર કરવામાં આવ્યા. સારવાર દરમિયાન સોબરનનું પણ મોત થયું છે. પ્રથમ દ્રષ્ટિએ ચા પત્તી રાખવાની જગ્યાએ કીટનાશક દવાનો ઉપયોગ થયો હોવાની વાત કહેવામાં આવી રહી છે.

# મધ્યપ્રદેશમાં દલિત પરિવારના 3 સભ્યોની ગોળી મારીને હત્યા

**નવી દિલ્હી**

મધ્યપ્રદેશના દમોહ જિલ્લામાં એક દલિત પરિવારના 3 સભ્યોની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.આ ઘટનાની પોલીસ વધુ તપાસ કરી રહી છે. એક તરફ જ્યાં દેશભરમાં દિવાળીની ઉજવણી થઈ રહી છે ત્યાં બીજી બાજુ આવી ઘટનાઓ પણ બની રહી છે.

આ ઘટનામાં એક ઘાયલને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. દલિત પરિવાર પર ગોળીબાર કરવાનો આરોપ ગામના પ્રભાવશાળી પટેલો પર છે. દમોહના દેવરણ ગામમાં એક મહિલાની કથિત રીતે છેડતી થયા બાદ બંને પરિવારો વચ્ચે વિવાદ થયો હતો. વિવાદ એટલો વધી ગયો કે, મંગળવારે સવારે આરોપીઓએ 60 વર્ષીય અહિરવાર, તેની પત્ની રાજપ્યારી અને 30 વર્ષના પુત્ર માનક અહિરવારની ગોળી મારીને હત્યા કરી નાખી. માનકના ભાઈને પણ ગોળી વાગી છે, જેને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ કેસમાં 6 આરોપીઓ ફરાર છે. દમોહના પોલીસ અધિક્ષક ડી.આર. ટેનિવરે આ બાબતની પુષ્ટિ કરી છે. આ ઘટનાની પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં કેબિનેટનું વિસ્તરણ નવા ચહેરાઓને સ્થાન મળશે: દેવેન્દ્ર ફડણવીસ

## એકનાથ શિંદે જૂથના 9 અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના 9 MLA મંત્રી બનશે

**મુંબઈ**

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે રાજ્ય કેબિનેટનું ટૂંક સમયમાં વિસ્તરણ કરવામાં આવશે. પોતાના સત્તાવાર નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતા તેમણે એમ પણ કહ્યું કે નવા મંત્રીઓમાં મોટાભાગના રાજ્ય મંત્રી હશે. ટૂંક સમયમાં કેબિનેટનું વિસ્તરણ કરવામાં આવશે. હાલ રાજ્યની કેબિનેટમાં મુખ્યમંત્રી એકનાથ શિંદે સહિત 18 કેબિનેટ મંત્રીઓ છે.

શિવસેનાના એકનાથ શિંદે જૂથના 9 અને ભારતીય જનતા પાર્ટી (BJP)ના 9 મંત્રીઓ છે. શિંદેના બળવા પછી શિવસેના, એનસીપી અને કોંગ્રેસની ઉદ્ધવ ઠાકરેની ગઠબંધન સરકાર પડી ગઈ અને વર્તમાન સરકાર 30 જૂને અસ્તિત્વમાં આવી.

ઉલ્લેખનીય છે કે 30 જૂને માત્ર એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસે શપથ લીધા હતા અને કેબિનેટનું પ્રથમ વિસ્તરણ 9 ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર મંત્રી પરિષદમાં 43 જેટલા મંત્રીઓ હોઈ શકે છે. જ્યારે ફડણવીસને પૂછવામાં આવ્યું કે બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની બહુપ્રતિક્ષિત ચૂંટણીઓ ક્યારે યોજવામાં આવશે, ત્યારે તેમણે કહ્યું કે તે અદાલતે નક્કી કરવાનું છે. તેઓ આડકતરી રીતે BMC ચૂંટણી અને OBC રાજકીય ક્વોટા અંગે કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

# અયોધ્યામાં 50% બાંધકામ પુરુ, 2024માં ઉત્તરાયણે રામલલા નવા મંદિરમાં બિરાજશે

**નવી દિલ્હી**

અયોધ્યામાં રામ મંદિરનુ નિર્માણ યુધ્ધના સ્તરે ચાલી રહ્યુ છે.અત્યાર સુધીમાં મંદિરનુ પચાસ ટકા બાંધકામ પુરુ થઈ ચુકયુ છે. મંદિરના બાંધકામ માટે ટાટા અને એલએન્ડી ટી જેવી કંપનીઓ કામ કરી રહ્યા છે.મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપતરાયનુ કહેવુ છે કે, ગ્રાઉન્ડ ફ્લોર માટે 1.50 લાખ ચોરસફૂટ પથ્થરો કાપીને તૈયાર રાખવામાં આવ્યા છે.



મંદિરના ઉપરના હિસ્સામાં વિશાળકાય મશિનોથી કામ ચાલી રહ્યુ છે.મુખ્ય મંદિર માટે કોતરણી કરેલા પથ્થરોને ઉપયોમાં લેવામાં આવી રહ્યા છે. મંદિરના ગર્ભગૃહનુ નિર્માણ આરસના પથ્થરોથી કરવામાં આવી રહ્યુ છે. ચંપતરાયના કહેવા અનુસાર પીએમ મોદીએ જ્યારે મંદિરનુ નિર્માણ કાર્ય જોવા માટે મુલાકાત લીધી હતી ત્યારે તેમણે તમામ ટેકનિકલ પાસાનો અભ્યાસ કર્યો હતો અને મંદિરમાં શ્રધ્ધાળુઓની સુરક્ષા માટે એક મજબૂત પ્લાન્ તૈયાર કરવા માટે સૂચન કર્યુ હતુ. મંદિર નિર્માણકાર્યને પીએમ મોદીએ ઝીણવટપૂર્વક જોયુ હતુ.મંદિરના ઉપરના ફ્લોર પર તેમને લઈ જવા માટે કામચલાઉ દાદરા પણ બનાવાયા હતા. તેમણે કહ્યુ હતુ કે 2024ની મકર સંક્રાતિએ રામ લલા ભવ્ય મંદિરમાં બિરાજમાન થશે.

# એશિયાના સૌથી 10 પ્રદૂષિત શહેરની યાદીમાં ૮ ભારતમાંથી

**નવી દિલ્હી**

સ્વિટ્ઝલેન્ડના આઈકયુ- એર દ્વારા માપવામાં આવેલા વાયુ ગુણવત્તા સૂચાંક અનુસાર દિલ્હી દુનિયાનું સૌથી પ્રદુષિત શહેર છે. પણ આનાથી વિરુદ્ધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સોમવારે એક રિપોર્ટને ટાંકીને દાવો કર્યો કે, એશિયાના સૌથી ૧૦ પ્રદુષિત શહેરોની યાદીમાં ૮ ભારતમાંથી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ શહેરોમાં એક સમયનું દેશનું પ્રદુષિત ગણાતું દિલ્હી નથી. તેમણે ટવીટ કરીને જણાવ્યું કે, કેટલાક વર્ષો પહેલા દિલ્હીને દુનિયાના સૌથી દુષિત શહેરના રૂપમાં જોવામાં આવતું હતું, પણ હવે નહીં.

સ્વિટ્ઝલેન્ડના આઈક્યુ- એરમાં દિલ્હી વિશ્વનું સૌથી પ્રદુષિત શહેર બતાવવામાં આવ્યું છે. આ લિસ્ટમાં પાકિસ્તાનના લાહોરને બીજા નંબર પર મુકવામાં આવ્યું છે. પણ આ રિપોર્ટથી વિપરીત નિવેદન દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આપ્યું છે. તેમના મતે એશિયાના સૌથી પ્રદુષિત શહેરોની યાદીમાં દિલ્હીનું નામ નથી છતાં શહેરે હજી બહુ લાંબી મંજીલ કાપવાની છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, અમે શહેરને વિશ્વનું સૌથી સ્વચ્છ શહેર બનાવવા માટે અથાગ પરિશ્રમ કરતાં રહીશું.

# ભારત સહિત અસંખ્ય દેશોમાં વોટ્સએપ ડાઉન થતાં કરોડો યુઝર્સ પરેશાન થયા

**નવીદિલ્હી**

સોશિયલ મેસેજિંગ એપ વોટ્સએપના સર્વરમાં ગરબડ સર્જાતા સર્વિસને અસર પહોંચી હતી. ભારત સહિતના અસંખ્ય દેશોના યુઝર્સે વોટ્સએપ ડાઉન થઈ ગયું હોવાની ફરિયાદ કરી હતી. ગુરપ ચેટથી લઈને વોટ્સએપ વેબ સહિતની સર્વિસ ઠપ થઈ ગયાની વ્યાપક ફરિયાદ ઉઠી હતી. લોકોએ ટ્વિટરમાં વોટ્સએપ ડાઉનનો ટ્રેન્ડ બનાવ્યો હતો. બે-અઢી કલાક પછી વોટ્સએપની સર્વિસ ફરીથી પૂર્વવત્ થઈ હતી. ભારત સહિત અસંખ્ય દેશોમાં પોપ્યુલર મેસેજિંગ એપ વોટ્સએપ ડાઉન થયું હતું. વોટ્સએપમાં પર્સનલ ચેટથી ગુરપ ચેટ, વીડિયો કોલ, ઓડિયો કોલ, વોટ્સએપ વેબ સહિતની બધી જ સર્વિસ ઠપ થઈ જતાં યુઝર્સ પરેશાન થઈ ગયા હતા.

# ખડગેનો મોટો નિર્ણય, CWCની જગ્યાએ નવી સમિતિની રચના

**નવી દિલ્હી**

કોંગ્રેસ અધ્યક્ષ પદ સંભાળ્યા બાદ મલ્લિકાર્જુન ખડગે એક્શન મોડમાં આવી ગયા છે. તેમણે બુધવારે CWCની જગ્યાએ સ્ટીયરિંગ કમિટીની જાહેરાત કરી છે. આ સમિતિમાં 47 સભ્યો હશે. સ્ટીયરિંગ કમિટીમાં પૂર્વ પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, રાહુલ ગાંધી સહિત કોંગ્રેસ વર્કિંગ કમિટીના લગભગ તમામ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ CWCની નિર્ણય લેનારી સમિતિમાં 23 સભ્યો હતા.

CWCની જગ્યાએ સ્ટીયરીંગ કમિટીની રચના કરવામાં આવી છે

ખડગેએ કાર્યભાર સંભાળ્યો તે પહેલાં પરંપરા મુજબ કોંગ્રેસ વર્કિંગ કમિટીના સભ્યો, AICCના જનરલ સેક્રેટરી અને પ્રભારી સહિત તમામ સભ્યોએ રાજીનામાં આપ્યા હતા. પરંપરા મુજબ કોંગ્રેસના નવા પ્રમુખની ચૂંટણી પછી CWCનું વિસર્જન કરવામાં આવે છે અને CWCની જગ્યાએ પક્ષની બાબતોનું સંચાલન કરવા માટે એક સંચાલન સમિતિની રચના કરવામાં આવે છે. નવી CWCની રચના ન થાય ત્યાં સુધી આ સમિતિ કામ કરશે.

# ભોપાલમાં ક્લોરિન ગેસ લિકેજ થતા અફરાતફરી, લોકો ઘર છોડીને ભાગ્યા

**નવી દિલ્હી**

ભોપાલમાં અડધી રાતે ઈદગાહ હિલ્સ વિસ્તારમાં થયેલા ગેસ ગળતરના પગલે દોડધામ મચી ગઈ હતી. ભારે દુર્ગંધ સાથે શ્વાસ લેવામાં પડી રહી રહેલી તકલીફ અને આંખોમાં બળતરાના પગલે લોકો ઉંઘમાંથી ઉઠીને લોકો પોતાના ઘર છોડીને ભાગ્યા હતા. આ ગેસ ગળતર નજીકમાં આવેલા વોટર પ્લાન્ટની ક્લોરિન ટેન્કમાંથી થયુ હતુ.ઘણા લોકોની તબિયત ગેસની અસરના કારણે બગડી હતી.કેટલાકને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ ઘટના બાદ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.લિક થયેલા કલોરિન ગેસનો ઉપયોગ વોટર પ્લાન્ટમાં પાણીને ફિલ્ટર કરવા માટે થતો હોય છે.

# T20 વર્લ્ડકપ: નેધરલેન્ડ સામે ભારતનો 56 રનથી ભવ્ય વિજય

**સિડની**

સિડની ખાતે રમાયેલ T20 વર્લ્ડકપ-2022, ભારત અને નેધરલેન્ડ સામેની મેચમાં ભારતનો 56 રનથી ભવ્ય વિજય થયો છે. ભારતે આપેલ 180 રનના લક્ષ્યાંક સામે નેધરલેન્ડની ટીમ 20 ઓવરમાં 123 રન જ બનાવી શકી હતી. ટીમ માટે સૌથી વધુ સ્કોર મિડલ ઓર્ડર બેટ્સમેન ટિમ પ્રિંગલે બનાવ્યો હતો. પ્રિંગલે 15 બોલમાં એક ફોર અને એક સિક્સની મદદથી 20 રન બનાવ્યા. બીજી તરફ ભારતીય ટીમે આ મેચમાં ભુવનેશ્વર કુમાર, અર્શદીપ સિંહ, અક્ષર પટેલ અને રવિચંદ્રન અશ્વિનને એક-એક સફળતા મળી હતી. પ્લેયર ઓફ ધ મેચ સુર્યકુમાર યાદવ. સિડનીમાં નેધરલેન્ડ સામે રમાઈ રહેલી મેચમાં ટીમ ઈન્ડિયાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો.

## પાકિસ્તાનની સતત બીજી હાર, ઝીમ્બાબ્વેની જીત, પોઈન્ટ ટેબલમાં પાક. 5માં ક્રમે


ICC T20 વર્લ્ડકપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આજે પાકિસ્તાન અને ઝિમ્બાબ્વે વચ્ચે ઓસ્ટ્રેલિયાના પર્થના ઓપ્ટસ સ્ડેડિયમમાં મેચ રમાઈ રહી છે. ઝિમ્બાબ્વેએ 8 વિકેટે 130 રન કરતા પાકિસ્તાનને જીતવા 131 રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ મેચમાં પાકિસ્તાન પર ઝિમ્બાબ્વે ભારે પડતું જોવા મળ્યું હતું. આ મેચમાં પાકિસ્તાની હાર થઈ છે. પાકિસ્તાનની માત્ર એક રને ઝિમ્બાબ્વે સામે હાર થઈ છે. આ મેચમાં ઝિમ્બાબ્વે તરફથી સિકન્દર રાજાએ ત્રણ વિકેટ ઝડપી છે, તો બ્રાડ ઈવાન્સ બે વિકેટ ઝડપી છે. સિકન્દર રાજા અને બ્રાડ ઈવાન્સની ધારદાર બોલીગ સામે પાકિસ્તાન 8 વિકેટે 129 રન કરી શક્યું હતું.

આ મેચમાં ઝિમ્બાબ્વેએ પાકિસ્તાનને જીતવા 131 રનનો ટાર્ગેટ આપ્યો હતો. ઝિમ્બાબ્વેની શરૂઆત ખુબ જ ધીમી રહી હતી. ઝિમ્બાબ્વેએ 8 વિકેટે 130 રન કર્યા છે. ઝિમ્બાબ્વે તરફથી એક માત્ર સેન વિલિયમ્સે 31 રન કર્યા છે. તો ઝિમ્બાબ્વેના 5 ખેલાડીઓ રનની સંખ્યાના ડબલ ફિગરમાં પણ પહોંચી શક્યા ન હતા.

## કિંગ કોહલીએ T20 રેન્કિંગમાં લગાવી છલાંગ, ટોપ-10માં એન્ટ્રી

**દુબઈ**

વિરાટ કોહલી ફરી એકવાર T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં ટોપ-10માં પહોંચી ગયો છે. હાલમાં તે ICCની રેન્કિંગમાં તે 9મા સ્થાને છે. વિરાટે 6 સ્થાનની છલાંગ લગાવી છે. T20 વર્લ્ડ કપ પહેલા જાહેર કરવામાં આવેલી રેન્કિંગમાં વિરાટ 15મા ક્રમે હતો. અહીં ખાસ વાત એ છે કે, છેલ્લા બે મહિનામાં વિરાટે પોતાની રેન્કિંગમાં 26 સ્થાનનો સુધારો કર્યો છે. ઓગસ્ટ 2022 માં એશિયા કપ પહેલા તે T20I રેન્કિંગમાં 35મા સ્થાને હાજર હતો. એશિયા કપ 2022 પહેલા વિરાટ લાંબા સમયથી આઉટ ઓફ ફોર્મ હતો. તેના બેટમાંથી રન નીકળી શક્યા ન હતા. આ જ કારણ હતું કે, એક સમયે T20 ઈન્ટરનેશનલ રેન્કિંગમાં નંબર-1 પર રહેનાર બેટ્સમેન ઓગસ્ટ 2022માં 35મા ક્રમે સરકી ગયો હતો.

**ભારતીય ક્રિકેટ બોર્ડનો ઐતહાસિક નિર્ણય**

## પુરુષ અને મહિલા ખેલાડીઓને એક સરખી મેચ ફી : બીસીસીઆઈ

**નવી દિલ્હી**

મહિલા ક્રિકેટરોને પણ પુરુષ ક્રિકટરો જેટલુ જ વેતન આપવાનો ઐતહાસિક નિર્ણય ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે લીધો છે.

ગુરૂવારે ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહે સોશિયલ મીડિયા થકી લોકોને જાણકારી આપતા કહ્યુ હતુ કે, અમને જણાવતા ખુશી થઈ રહી છે કે, પુરુષ અને મહિલા ક્રિકેટરો વચ્ચેનો ભેદભાવ દુર થવા જઈ રહ્યો છે.ક્રિકેટ બોર્ડ જે મહિલા ક્રિકેટરો કોન્ટ્રાક્ટમાં સામેલ છે તેમને પુરુષો જેટલુ જ વેતન આપવા જઈ રહ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે, હવે સમાનતાના નવા યુગમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે.મહિલા ક્રિકેટરોને પણ પુરુષ ક્રિકેટરો જેટલી જ મેચ ફી મળશે.

ઉલ્લેખનીય છે કે, પુરુષોની ટીમને હાલમાં બોર્ડ એક ટેસ્ટ માટે પંદર લાખ રુપિયા અને એક વન ડે માટે 6 લાખ રુપિયા ચુકવે છે.જ્યારે ટી 20 મેચ માટે 3 લાખ રુપિયા ચુકવાય છે.

પુરુષ અને મહિલાને સમાન પૈસા આપવાની શરુઆત સૌથી પહેલા ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે કરી હતી.

## FIFA 2022: ઈતિહાસમાં પહેલીવાર રિમૂવેબલ સ્ટેડિયમમાં મેચ રમાશે

**કતર**

ફિફા વર્લ્ડ કપમાં એક મહિનાથી ઓછો સમય બાકી રહ્યો છે. 20 નવેમ્બરે યજમાન કતાર અને ઈક્વાડોરના મુકાબલાથી ફૂટબોલ વર્લ્ડ કપનો પ્રારંભ થશે. વર્લ્ડ કપ દર્શકો માટે ટોચના ખેલાડીઓને એક જ સ્થળે જોવાની તક આપે છે, જ્યારે આયોજકો માટે આ સમય દેશની ક્ષમતા અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રદર્શિત કરવાની તક રહે છે. કતારે એક એવું સ્ટેડિયમ બનાવ્યું છે જે વર્લ્ડ કપની યજમાની બાદ ગુમ થઈ જશે. આ સ્ટેડિયમ રિમૂવેબલ (હટાવી શકાય એવું) છે. વર્લ્ડ કપ ઈતિહાસમાં પ્રથમવાર રિમૂવેબલ સ્ટેડિયમમાં મેચ રમાશે. કતારે 7 સ્ટેડિયમ બનાવ્યા છે, જે કતાર અને આરબ દેશોની સંસ્કૃતિ અને પરંપરાઓની ઝલક દર્શાવે છે. આ રિમૂવેબલ સ્ટેડિયમનું નામ 974 સ્ટેડિયમ છે. અહીં પ્રથમ મેચ 22 નવેમ્બરના પોલેન્ડ અને મેક્સિકો વચ્ચે રમાશે.



**શનિ મહારાજનું ફળ**

દેવું કે વ્યાજે પૈસા લેવા નહીં કે ઉછીના પૈસા આપવા નહીં. પૈસા બાબતથી ભાગીદારો તેમજ પત્ની સાથે વાદવિવાદ કે ગેરસમજો ઊભી થાય. ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે કોઈ ખોટો નિર્ણય કે ખોટી સહી ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું. જમીન, મકાન તથા કોર્ટના કેસોને થોડા લંબાવવાથી તમારા તરફી ઉકેલ આવશે.

**ગુરુ મહારાજનું ફળ**

વર્ષની શરૂઆતમાં ગુરુ મહારાજ આપના છઠ્ઠા સ્થાનથી પસાર થાય છે જે આપને પૈસાની કિંમત સમજાવીને જ જશે. ડિસેમ્બરથી ફેબ્રુઆરીની વચ્ચે રોગ અને શત્રુઓમાં વધારો થશે. મિત્રતા કે પ્રેમસંબંધોમાં ગુરુ વિશ્વાસઘાત કરાવશે. માર્ચ પહેલા દસ્તાવેજોના કામ સુલટાવી દેવા જરૂરી રહેશે.

**રાહુ મહારાજનું ફળ**

રાહુ આપના સાતમા સ્થાનમાંથી પસાર થશે. વર્ષ દરમિયાન નવા ભાગીદારીના વ્યવસાય કરવામાં સો વખત વિચારવું. રાજકારણ સાથે સંકળાયેલા લોકો માટે અણધાર્યો લાભ થશે. મદિરા, ક્લબો, નોનવેજ, કસીનોના કે મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા લોકો માટે આ વર્ષમાં રાહુ અણધારી સફળતા અપાવશે.

**આર્થિક બાબત**

નૂતન વર્ષના પ્રારંભમાં આર્થિક બાબતે આપ થોડી સંકડામણ અનુભવશો, પણ જાન્યુઆરી માસથી આપના આટલા વર્ષોની તપશ્ચર્યા તેમજ મહેનતનું ફળ મળતું જણાશે. આપની સાથે જુલાઈથી સપ્ટેમ્બરની વચ્ચે કોઈ છેતરપિંડી ન થાય તેનો ખ્યાલ રાખવો. મિત્રો, સ્નેહીઓ તરફથી ધંધામાં નવું રોકાણ આવશે. પ્રોપર્ટીને લગતું કે એન્ટિક આઈટમોને લગતા કામકાજમાં અપાર સફળતા મળે. નોકરિયાત વર્ગોએ ઉપલા અધિકારીઓ સાથે ચોખવટપૂર્વક કામ કરવાથી આર્થિક ફાયદો થશે. કમિશનથી તેમજ દલાલીના કામ કરતા લોકો માટે સારો સમય રહેશે. ટ્યૂશન ક્લાસ, સ્કૂલ-કોલેજ, મેડિકલ ક્ષેત્રના ડોક્ટરી વગેરે વ્યવસાયના લોકો માટે એક સાંધતા તેર તૂટે તેવી પરિસ્થિતિ રહેશે.




**પારિવારિક તથા વૈવાહિક જીવન**

ડિસેમ્બરથી જાન્યુઆરી વચ્ચે પરિવારમાં મનદુખ વધ્યા કરે. જાન્યુઆરીથી માર્ચની વચ્ચે કુટુંબમાં લગ્નપ્રસંગ કે ધાર્મિક પ્રસંગોના કારણે જૂના રાગદ્વેષ તેમજ અણબનાવો દૂર કરી પરિવારમાં એકતા સાધી શકશો.

**આરોગ્ય બાબત**

હૃદય, ફેફસાં, આંતરડાના પ્રશ્નો ઉદ્દભવે. અનિયમિત ખોરાકથી આરોગ્યને લગતા પ્રશ્નોમાં વધારો થશે. જીવન શૈલીમાં સુધારો કરવો. ઈલેક્ટ્રોનિક સાધનોનો આંખો માટે નુકસાનકારક છે. હૃદય સંદર્ભે શસ્ત્ર ક્રિયા કરવી પડે.

**સંતાન બાબત**

માતા બનવા ઈચ્છુક મહિલા માટે અનુકૂળ સમય છે છતાં વ્યક્તિગત કુંડળી અને પુણ્યબળ અસર કરશે. ગર્ભવતિ મહિલાઓએ હનુમાનજીના સુંદરકાંડના પાઠ કરવા સાથે જ આરામ જરૂરી છે. સંતાનો સાથે તમારા ડિફરન્સ ઓફ ઓપિનિયન આ સમયગાળામાં ઓછા થતા જણાશે. જો કે, સંતાનોના વિષયમાં ચિંતા હળવી થઈ જશે.

**નોકરી-ધંધા બાબત**

હોટલ, ગેસ્ટહાઉસ જ્વેલરી, રાજકીય ક્ષેત્ર, કોર્પોરેટરો, ધારાસભ્યો, સમાજસેવકો માટે ખૂબ સારો સમય. સરકારી નોકરિયાતો, પોલીસ અધિકારીઓ, આઈપીએસ કે આઈએએસ કક્ષાના અધિકારીઓ માટે એપ્રિલથી ઓગસ્ટની વચ્ચે ખૂબ સારો સમય આવશે. વધારે પડતી પૈસાની લાલચમાં શરીર સાથે અન્યાય ન કરતા.

**સ્ત્રીઓ માટે**

વર્ષના પ્રારંભમાં પારિવારિક ઈર્ષ્યા તેમજ નિંદાના ભોગ બનવું પડશે. આપની ઉપર કટુ વચનનો પ્રહાર થાય તો શાંતિ રાખવી. ડિસેમ્બરથી એપ્રિલની વચ્ચે તમામ ગેરસમજો દૂર થશે. ફેબ્રુઆરીથી જૂનની વચ્ચે સ્ત્રીઓને સારા સમાચાર મળશે. ઓગસ્ટથી વર્ષના અંત સુધીમાં મનપસંદ યાત્રા સાથે સગાઈ થઈ શકે છે.

**યાત્રા-પ્રવાસ**

દિવાળી પછી તરત જ કોઈ મોટી કોન્ફરન્સમાં જવાનું થાય, ત્યાં આપની બુદ્ધિક્ષમતાનો પરિચય દુનિયાને જોવા મળશે. એ પ્રવાસ આપનો ખૂબ જ સફળ રહેશે. પરિવાર સાથે આપ વિદેશ યાત્રા કરવા ઈચ્છતા હોય તો ફેબ્રુઆરીથી મે વચ્ચેનો સમય શ્રેષ્ઠ રહેશે. યાત્રા દરમિયાન પત્નીના આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું.

**વિદ્યાર્થીઓ માટે**

વિદ્યાર્થિનીઓ વિવાહ પછી પણ અભ્યાસ શરૂ રાખવા ઈચ્છતી હશે તો રાખી શકશે. વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે નોકરી કરીને માતા-પિતાનો ભાર હળવો કરી શકશે. સંગીત, કલા, ડ્રોઈંગ, હોટલ મેનેજમેન્ટ, સ્ટ્રક્ચર એન્જિનિયર, ડેન્ટિસ્ટ, ન્યૂરોલોજિસ્ટ કે જર્નાલિઝમના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ વર્ષ રહેશે.

---

**શનિ મહારાજનું ફળ**

શનિ મહારાજ આપના ભાતૃ સ્થાનમાંથી પસાર થાય છે. જાન્યુઆરી માસ સુધીમાં ભાઈ-ભાંડુના સંબંધમાં સુધારો થવો સંભવ. આપના પરાક્રમમાં વધારો થશે. આપની સાહસવૃત્તિનો શનિ મહારાજ લોકોમાં પરિચય કરાવશે. ભાગ્યમાં નાના-મોટા અવરોધો આવે. ફેબ્રુઆરી સુધીમાં પુત્ર સંતાનને લાગવા-ભાંગવાના યોગો બને.

**ગુરુ મહારાજનું ફળ**

શરૂઆતમાં આપની પ્રેમ અને લાગણીનો ખોટો ઉપયોગ લોકો ખૂબ કરશે. જાન્યુઆરીથી માર્ચની વચ્ચે ગુરુ મહારાજ આપને ઓચિંતો જ વ્યવસાયમાં લાભ અપાવશે. પ્રેગ્નેન્ટ મહિલાઓએ ફેબ્રુઆરી સુધી સાવચેતી રાખવી. એપ્રિલથી વર્ષના અંત સુધીમાં ગુરુ મહારાજ આપના છઠ્ઠા સ્થાનમાંથી પસાર થશે.

**રાહુ મહારાજનું ફળ**

રાહુ આપના શત્રુક સ્થાનમાંથી પસાર થાય છે. વર્ષના પ્રારંભથી જાન્યુઆરી સુધી તો રાહુ આપને ખૂબ જ દબંગાઈ કરાવશે. ગુપ્ત ભાગના રોગોનું ઝડપથી નિવારણ કરાવવું. સાહસવૃત્તિ તેમજ ખોટા ખર્ચાઓ આપને સમાજમાં ફેમસ બનાવશે. કોર્ટ કેસ કે અન્ય વિવાદોમાં ફસાયેલા હશો તો બહાર નીકળશો.

**આર્થિક બાબત**

નૂતન વર્ષના પ્રારંભમાં તો આર્થિક બાબતે આપે જરા પણ મૂંઝવણ અનુભવવાની નથી. આપ ઊંધું નાખશો તો પણ સીધું પડશે. લોખંડ, કેમિકલ, હીરા, મોતી, રત્નો, સોનું, ચાંદી, ધાર્મિક ક્ષેત્ર, પોલીસ ડિપાર્ટમેન્ટ વગેરે ક્ષેત્રમાં જોડાયેલા લોકો માટે આ વર્ષમાં બધી જ આંગળીઓ ઘીમાં હશે. એપ્રિલ માસથી હોસ્પિટલ, મેડિકલ, કન્સ્ટ્રક્શન તેમજ પ્રાઈવેટ ક્ષેત્રમાં જોબ કરતા લોકો માટે આર્થિક સ્થિતિ મૂંઝવણભરી રહેશે. ઓગસ્ટથી વર્ષના અંત સુધીમાં ઉછીના આપેલા કે ફસાઈ ગયેલા નાણાં પરત આવવાથી તેમજ મોસાળ પક્ષથી પણ ફાયદો થવાથી આર્થિક સ્થિતિ ખૂબ જ મજબૂત બનશે. પત્ની કે પુત્રી, માતાના નામે કરેલું મૂડી રોકાણ આ વર્ષમાં ખૂબ જ ઉપયોગી બનશે.




**પારિવારિક તથા વૈવાહિક જીવન**

પત્ની તથા બાળકોનો ખૂબ જ સાથ સહકાર મળી રહેશે. ડિસેમ્બરથી ફેબ્રુઆરી માસની વચ્ચે સસરાપક્ષ તરફથી સારો એવો લાભ મળે તથા પારિવારિક કામકાજમાં મદદરૂપ થવાથી માન-સમ્માન પણ મળી રહે.

**આરોગ્ય બાબત**

આપનું આરોગ્ય લોકોને ઈર્ષ્યા કરાવનાર રહેશે. આપની વધતી જતી ઉંમરની પણ આરોગ્ય ઉપર ફેબ્રુઆરી માસ સુધી કશી જ અસર નહીં પડે. ફેબ્રુઆરી માસથી હરસ, પેશાબમાં બળતરા, સ્કીન ઈન્ફેક્શનોની સંભાવના છે.

**સંતાન બાબત**

સંતાનોનો અપાર પ્રેમ પામી શકશો. અભ્યાસ અર્થે કે ધંધાર્થે વિદેશમાં સ્થાયી થયેલા સંતાનોને મળવાની ઈચ્છાઓ ડિસેમ્બરથી માર્ચ વચ્ચે પૂરી થશે. વિવાહ માટે યોગ્ય વર તેમજ ઘર મળવાથી આપ રાહતનો અનુભવ મેળવશો. આનંદીત જીવન તેમજ અમુક દુર્ગુણોનો છાયો આપનાં સંતાનો પર ના પડે તેનો ખ્યાલ રાખવો.

**નોકરી-ધંધા બાબત**

ધંધાર્થીઓના કારખાના કે ફેક્ટરીઓ ખરીદવાનું વિચારતા હોય તો પણ શક્ય બને. ફેબ્રુઆરીથી એપ્રિલ વચ્ચે કામોનું ભારણ મળવાથી માનસિક રીતે કંટાળી જશો. નોકરી બાબતમાં અત્યાર સુધી ભકતી બધી જ રીતે ચાલતી હતી, પરંતુ ફેબ્રુઆરી માસથી અનેક પાબંદીઓ આવવાથી આપને કંટાળો આવશે.

**સ્ત્રીઓ માટે**

કુટુંબ પરિવારમાં ખૂબ જ મોટી જીમ્મેદારી સંભાળવા જઈ રહ્યા છો. ફેબ્રુઆરીથી મે માસની વચ્ચે ઘરમાં પ્રસંગો આવતા આપ વધારે પડતા ખુશ રહેશો. વકીલ વર્ગની સલાહ સૂચનો આપને ખૂબ કારગર નીવડશે. કમરમાં કે છાતીમાં દુખાવાનું તાત્કાલિક યોગ્ય ચેકઅપ કરાવવું જરૂરી બનશે.

**યાત્રા-પ્રવાસ**

જાન્યુઆરીના બીજા વીક સુધીમાં વિવાહ પ્રસંગ કે અન્ય ધાર્મિક પ્રસંગના કારણે લાંબા ગાળાનો પ્રવાસ થાય. નોકરી કામધંધાના સિલસિલામાં વિદેશ જવાનું થાય તો આપનો પ્રવાસ સફળ રહેશે. ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે વિઝાના પ્રશ્નો ઉકેલાશે. પ્રવાસો આપના માટે ધંધાકીય પણ લાભદાયી રહેશે.

**વિદ્યાર્થીઓ માટે**

ધાર્યું પરિણામ મેળવવાની જીદ પકડી લીધી હોય તે રીતે મહેનત કરતા હશો. ચૂંટણીના કામાને લીધે અભ્યાસ બગડયો હશે તો આ વર્ષમાં ભરપાઈ કરી શકશો. સ્કૂલ, કોલેજ, યુનિવર્સિટીમાં વિદ્યાર્થી યુનિયનના નેતા બનવા ઈચ્છતા હોવ તો આ વર્ષમાં શક્ય છે. જૂનથી અભ્યાસ સાથે નોકરી-ધંધો કરી શકાશે.

---

**શનિ મહારાજનું ફળ**

પનોતી (સાડાસાતી)નો છેલ્લા તબક્કાનો છેલ્લો સમય હોવાથી કોઈ પણ પ્રકારના લોભ, લાલચ કે સ્કીમમાં આવવું નહીં. વાહન ધીમે ચલાવવું. શક્ય હોય ત્યાં સુધી જાન્યુઆરી સુધી શસ્ત્રક્રિયાઓ ટાળવી. ૧૭ જૂન ૨૦૨૩ આપના માટે સોનાનો સૂરજ ઉગાડનાર હશે. આપની સાડાસાતી પનોતીનો અંત આવી ગયો.

**ગુરુ મહારાજનું ફળ**

આપને માતાના આરોગ્યની ચિંતા થશે. ફેબ્રુઆરી માસથી મેની વચ્ચે જમીન, મકાન, મિલકત, વ્યવસાય માટે ફેક્ટરીની જગ્યા ખરીદવા માટેનો ઉત્તમ સમય હશે. આપે પાછળના સાત-સાડાસાત વર્ષથી અનુભવો જ મેળવ્યા તેમના કારણે આપ આ વર્ષમાં કોઈના પર વિશ્વાસ કરવા માટે તૈયાર થશો નહીં.

**રાહુ મહારાજનું ફળ**

રાહુ પાંચમા સ્થાનમાંથી પ્રસાર થાય છે. રાહુ આ વર્ષમાં આપના પ્રેમ પ્રકરણો કે અવૈવાહિક સંબંધોનો ભાંડો ફોડશે. બધી બાબતોમાં રાહુ આ વર્ષમાં આપને પોતાના અને પારકાનો પરિચય કરાવડાવશે. દૂર દૂર સુધીના સંબંધોમાં પણ આપ જોશો કે સંકટ સમયે કોઈ મદદે આવતું નથી.

**આર્થિક બાબત**

નૂતન વર્ષની શરૂઆતમાં થોડીક આર્થિક સંકડામણ અનુભવશો. જાન્યુઆરી માસથી આપ સંપૂર્ણપણે શનિની સાડાસાતીમાંથી મુક્ત થતા હોવાથી અનેક નવા વ્યવસાયના દ્વારો ખૂલશે. નવા રોકાણો કરવા માટે બેન્ક લોનો ભરપાઈ કરવા માટે આર્થિક રીતે આપ સક્ષમ બનશો. આટલા વર્ષોની આપની મહેનત ફેબ્રુઆરીથી મે સુધીમાં ખૂબ રંગ લાવશે. આર્થિક બાબત એપ્રિલથી ઓગસ્ટની વચ્ચે ખૂબ મજબૂત બનશો. ઓગસ્ટથી વર્ષના અંત સુધીમાં નવા મૂડી રોકાણો આપના વ્યવસાયમાં આવવાથી કે પિતા દ્વારા મદદ મળવાથી ખૂબ સફળતા મળશે. તમારો ધ્યેય આ વર્ષમાં પરિવાર સંપૂર્ણપણે પોતાના પગભર બને તેવો હોય ભવિષ્યમાં કોઈની પાસે હાથ લાંબો ન કરવો પડે તેવી વ્યવસ્થાના મૂડમાં છો.




**પારિવારિક તથા વૈવાહિક જીવન**

પરિવારમાં આપ લાગણીશીલ વ્યક્તિત્વ ધરાવો છો. ઓગસ્ટ સુધીમાં પારિવારિક ઝઘડાઓનો અંત આવશે. પરિવાર પાછળ ખર્ચ વધશે. બાળકોની સાથે મતભેદો ઊભા થશે. અવૈવાહિકો માટે વિવાહના ઉત્તમ યોગો છે.

**આરોગ્ય બાબત**

જાન્યુઆરી સુધીમાં નાની મોટી શસ્ત્રક્રિયાઓ કરાવવી પડે. ખાસ કરી હાર્ટના પેશન્ટોએ વધારાનું ટેન્શન ન લેવું. ફેબ્રુઆરીથી આપ આરોગ્ય બાબતે નિશ્ચિત રહી શકશો પરિવાર કોઈની તબિયત બગડે નહીં તેની કાળજી રાખવી.

**સંતાન બાબત**

આપનાં સંતાનોનો વધારે પડતો ઓવર કોન્ફિડન્સ આપને મુશ્કેલીમાં મૂકી શકે છે. જાન્યુઆરીથી પણ આપ છૂટથી આપનાં સંતાનોને ધંધા માટે મૂડી આપી શકશો. ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે આપનાં સંતાનોની ઉપર કોર્ટકેસ કે કર્જ હશે તો તેમાં પણ આપ મદદરૂપ થશો.

**નોકરી-ધંધા બાબત**

ફેબ્રુઆરી માસ સુધી બધું સંભાળી લેવું. પછી આપના ધંધાની આગવી સૂઝબૂઝ તેમજ ગ્રહોના પરિવર્તનથી જે સફળતાઓ મળશે. તેનાથી તમારા શત્રુઓના હોશ ઊડી જશે. ધંધામાં નવા પ્રયોગો કરવામાં ટેવાયેલા છો. પ્રાઈવેટ ક્ષેત્રમાં નોકરી કરતા લોકો માટે બઢતી થવાના યોગ છે.

**સ્ત્રીઓ માટે**

સ્ત્રીઓને પ્રમોશનો, બદલીઓ અટકી પડે. કોર્ટકેસમાં મધ્યમ સફળતાઓ મળે. ફેબ્રુઆરી માસથી આપને આપની પ્રમાણિકતાનું ઈનામ મળતું હોય તેવું લાગશે. માર્ચથી જૂનની વચ્ચે જમીન, મકાન, વાહનની ખરીદી થાય. ફસાયેલા નાણાં પરત આવે. આપને કોઈ ભેટસોગાદો કે કીમતી ઝવેરાતો મળવાના યોગો બને છે.

**યાત્રા-પ્રવાસ**

આપ યાત્રા પ્રવાસના ખૂબ જ શોખીન વ્યક્તિ છો. આપને જુદા જુદા શાંતિદાયક સ્થળોના પ્રવાસ કરવા ગમે છે. આ વર્ષમાં આપ લોંગ ટૂરમાં જાવ તેવા તેમજ પરિવાર સાથે લાંબા સમય માટે વિદેશમાં ફરવા જાવ તેવા યોગો બને છે. ધંધા માટેના પ્રવાસો આપ આપની નીચેના સ્ટાફને કે પુત્રોને ટ્રેન કર્યા હશે તો એ જ સંભાળશે.

**વિદ્યાર્થીઓ માટે**

એન્જિનિયરિંગ, ટેક્નિકલ, ઈલેક્ટ્રોનિક, ફેશન ડિઝાઈન ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય રહેશે. ટીવી, સિરિયલ કે ફિલ્મમાં કિસ્મત અજમાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને ફેબ્રુઆરીથી જૂનમાં સફળતા મળે. વિદેશમાં વિદ્યાર્થિનીઓ માટે સમય સાચવવા જેવો છે.




### શનિ મહારાજનું ફળ

કોર્ટ-કચેરીના ચક્કરમાંથી બહાર આવવા માટે દેહભુવનનું ઉત્તમ સુખ આપે. લગ્ન ઈચ્છુક વ્યક્તિઓ માટે જાન્યુઆરી માસ સુધી સારો રહેશે. પછી શનિ મહારાજની સાડાસાતીનો ઉતરતો તબક્કો બે વર્ષ અને ત્રણ મહિના સુધી રહેશે. જો આપની કુંડળીમાં શનિ બળવાન હશે તો ઉત્તમ રાજયોગનું નિર્માણ કરાવશે.

### ગુરુ મહારાજનું ફળ

એપ્રિલ સુધી પરાક્રમમાં, સાહસોમાં બ્રેક લગાવશે. ઓચિંતો ધનલાભ જરૂર કરાવશે. એપ્રિલ માસથી વર્ષના અંત સુધીમાં આર્થિક સંકડામણો ગુરુ મહારાજ ખૂબ કરાવશે. આટલાં વર્ષોમાં પહેલી વખત આપ વસ્તુઓના ભાવતાલ કરાવતા થશો. જે છૂટથી આપ પૈસા ખર્ચતા હતા તે આ વર્ષમાં બંધ થઈ જશે.

### રાહુનું ફળ

રાહુ ચોથા સ્થાનથી પસાર થાય છે. રાજકીય વર્ચસ્વ તથા લોકપ્રિયતામાં વધારો કરાવશે. કોર્ટ કચેરી કે કોઈના જામીનમાં કે બેંક ગેરંટીમાં પડવું નહીં. રાહુ આપને અવળા ધંધાઓમાં નસીબ ચમકાવી આપે. સીધી લીટીના કામમાં રાહુ આપની ખૂબ પરીક્ષા કરશે. વ્યવસાયમાં એપ્રિલથી ઓગષ્ટ સુધી રોકાણ ટાળવું.

### આર્થિક બાબત

નૂતન વર્ષના પ્રારંભથી જાન્યુઆરી માસ સુધી આર્થિક સંકડામણ રહેશે. જાન્યુઆરીથી એપ્રિલની વચ્ચે વિદેશ વસતા પરિવારના સભ્યો કે મિત્રો તરફથી મદદ કે ધંધામાં મૂકી રોકાણ મળી રહેવાથી આર્થિક બાબતમાં મજબૂત બનશો. આપે સખત પરિશ્રમથી ધન કમાયેલું છે, એ ધન લોભ કે લાલચમાં ક્યાં ફસાઈને મોટું આર્થિક નુકસાન ભોગવવું ન પડે તેનો ખ્યાલ રાખવો. એપ્રિલની સપ્ટેમ્બરની વચ્ચે આર્થિક બાબતમાં સદ્ધરતા આવે, ધંધામાં ઓચિંતિ તેજી આવવાથી તથા જૂની ઉઘરાણી આવવાથી મગજ એકદમ ફ્રેશ થઈ જશે. લોખંડ-વાહનના વ્યવસાય સાથે સંકળાયેલા લોકો માટે જુલાઈથી વર્ષના અંત સુધીનો સમય સારો રહેશે. એકંદરે આર્થિક બાબતમાં આ વર્ષ મધ્યમ રહેશે.

### પારિવારિક તથા વૈવાહિક જીવન :

વૈવાહિક જીવનમાં ખટપટનો આ વર્ષમાં અંત આવશે. નોકરી કે વ્યવસાયથી કે વિઝાના પ્રોબ્લેમના કારણે પતિ-પત્ની દૂર રહેતા હશે તો જૂનથી સપ્ટેમ્બરની વચ્ચે સમય સારો રહેશે. ગેરસમજો દૂર થતાં જીવન જીવવાની મજા આવશે.

### આરોગ્ય બાબત

એપ્રિલ સુધી આપનું શરીર એક નવી ઊર્જા અને સ્ફૂર્તિથી કાર્ય કરતું લાગશે. એપ્રિલ માસથી આપની ભોજન કે આરોગ્ય પ્રત્યેની બેપરવાહી આપના શરીરને નુકસાન પહોંચાડશે તથા આપની તંદુરસ્તીમાં વિલંબ પાડશે.

### સંતાન બાબત

વર્ષના પ્રારંભથી ફેબ્રુઆરી માસ સુધી આપને આપનાં સંતાનોને માત્ર અભ્યાસ તરફ જ ધ્યાન આપવાનું કહેવું પડશે. આપનો વધારે પડતો પ્રેમ સંતાનોના ભવિષ્યને અવળી દિશામાં ન લઈ જાય તેનો ખ્યાલ રાખવો. પુત્ર સંતાનની ઈચ્છા રાખવાવાળા માટે એપ્રિલથી વર્ષના અંત સુધીનો સમય શ્રેષ્ઠ છે.

### નોકરી-ધંધા બાબત

સખત મહેનત તેમજ પરિશ્રમ આપને રંગ લાવતી દેખાશે. સરકારી નોકરિયાતો માટે કોઈ લાંચરુશ્વત કેસોમાં ફસવાની કોઈ કોશિશ કરનારથી સાવધાન રહેવું. પ્રાઈવેટ ક્ષેત્રના નોકરિયાતો માટે કામનું ભારણ વધશે. સરકારી કર્મચારીએ પૈસા કમાવાની ગણતરીથી ચાલશો તો પૈસા પણ કમાશો.

### સ્ત્રીઓ માટે

ફેબ્રુઆરી સુધીનો સમય પ્રગતિ, પ્રમોશનો તથા અનેક ભેટ સોગાદો લઈને આવનાર રહેશે. ફેબ્રુઆરીથી જૂનની વચ્ચે વ્યવસાયિક ક્ષેત્રમાં સંકળાયેલી મહિલાઓ માટે નવી નવી ઓળખાણો ખૂબ જ ઉપયોગી બનશે. આપનું નોકરી તથા ધંધામાં વધતું જતું કદ આપના વૈવાહિક જીવનમાં ખટરાગો ઊભા કરશે.

### યાત્રા-પ્રવાસ

નવેમ્બરથી ફેબ્રુઆરીની વચ્ચે મોટા પ્રવાસો ટાળવા. ફેબ્રુઆરીથી જૂનની વચ્ચે ધંધાકીય પ્રવાસો તથા ધાર્મિક યાત્રાઓ કરવામાં આપ સફળ રહેશો. ફેબ્રુઆરી માસમાં વિઝાની ફાઈલ મૂકવી. અગાઉ રિજેક્ટ થયેલા વિઝાધારકો માટે ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે ફરી ટ્રાય કરવી. ઓગસ્ટમાં યાત્રામાં તબિયતનું ખાસ ધ્યાન રાખવું.

### વિદ્યાર્થીઓ માટે

કોમર્સના વિદ્યાર્થીઓ, ટેક્નિકલ લાઈન ધરાવતા વિદ્યાર્થીઓ, સંગીત, સાહિત્ય, ખેલકૂદ તમામ પ્રકારની સ્પોર્ટ્સ એક્ટિવિટી, સરકારી ક્ષેત્રમાં જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ, આર્ટ્સના વિદ્યાર્થીઓ વગેરે માટે આ વર્ષ સફળતાદાયક રહેશે. સાયન્સના વિદ્યાર્થીઓ માટે સખત પરિશ્રમ કરવા છતાં પરિણામ મેળવવામાં મુશ્કેલી આવે.

---




### શનિ મહારાજનું ફળ

જાન્યુઆરી સુધી સરકારી કે અર્ધસરકારી કર્મીએ ખૂબ જ સાવચેતી રાખવી. કોઈપણ રાજકીય લોકોનો હાથો ન બની જાવ તેનો ખ્યાલ રાખવો. કોઈ પ્રકારના અવૈવાહિક સંબંધો કે પ્રેમ પ્રકરણોના ભાંડા ફૂટવાથી સમાજમાં ફજેતી થવાના યોગો બને છે. જાન્યુઆરી માસથી શનિ મહારાજની પનોતીનો બીજો તબક્કો શરૂ થાય છે.

### ગુરુ મહારાજનું ફળ

ડિસેમ્બરથી એપ્રિલની વચ્ચે જૂના કોર્ટ કેસોમાં ઉકેલ આવશે. જમીન-મકાનની ખરીદી કરવા ઈચ્છતા હશો તો સફળતા મળશે. આપ પસંદગીનું વાહન એપ્રિલ સુધીમાં ખરીદી શકશો. કુટુંબ પરિવારને આપની ઈર્ષ્યા ખૂબ થશે. પારિવારિક ઉદ્વેગોથી કંટાળીને ભક્તિભાવ તરફ મન વાળશો.

### રાહુ મહારાજનું ફળ

આ વર્ષમાં આપે અણધાર્યા કામકાજો તેમજ અંજાન લોકો, નવાનવા કામો લઈને આવશે. કામની ભાષા તથા પૈસાની ચોખવટ કરીને કામ કરવા. અધિકારીઓ તેમજ પોલીસ કર્મચારીઓના પૈસાનું ઈન્વેસ્ટમેન્ટ કરવાનું થાય તેવા યોગ છે. એપ્રિલથી ઓગસ્ટની વચ્ચે રાજકીય સમીકરણો બદલાતા આપનું કદ તથા માન વધશે.

### આર્થિક બાબત

આર્થિક બાબતમાં આપને વધુ મજબૂત થવું હોય તેમજ દુશ્મનોને પાછળ રાખવા હોય તો આપે ખુદે મેદાનમાં ઉતરવું પડશે. ફાઈનાન્સરો, બેન્ક કર્મચારીઓ, પત્રકારો, શિક્ષકો વગેરે માટે આર્થિક સ્થિતિ મજબૂત કરવાવાળો સમય રહેશે. એપ્રિલથી જૂનની વચ્ચે ફસાયેલા નાણા પરત આવવાથી આપના કર્જાઓ ભરાઈ જશે. તમારી એનર્જીને કામમાં વાપરવાથી આર્થિક રીતે ખૂબ જ મજબૂત થશો. ઓક્ટોબરથી વર્ષના અંત સુધીમાં ધંધામાં મોટો કોન્ટ્રાક્ટ મળવાથી કે નોકરિયાત વર્ગને પગાર વધારો મળવાથી ખૂબ આનંદિત થશો. આપને ભાડાની આવકમાં કે બેઠી ઈન્કમ વધારવાની જરૂર છે.

### પારિવારિક તથા વૈવાહિક જીવન

પરિવારમાં એકતા તેમજ પ્રેમનો માહોલ જળવાઈ રહે. પ્રેમસંબંધો વિવાહ બંધનમાં પરિવર્તિત થાય. દાંપત્ય જીવનમાં ખૂબ મધુરતા આવે. આપના કષ્ટના સમયમાં આપના પત્ની તરફથી ભરપૂર સહયોગ મળી રહે.

### આરોગ્ય બાબત

વાહન ચલાવવામાં, બાથરૂમમાં સ્નાન કરવામાં, સ્વિમિંગ પૂલમાં કે દરિયાકિનારે, નદીકિનારે સ્નાન કરવામાં તકેદારી રાખવી. લાગવા-ભાંગવાના યોગો બને છે. પિતા તેમજ પુત્રના આરોગ્યની કાળજી રાખવી.

### સંતાન બાબત

ફેબ્રુઆરી સુધી વિદેશ જવા ઈચ્છતા સંતાનો માટે અનેક પ્રકારની મુશ્કેલીઓ આવે, પરંતુ માર્ચથી જૂનની વચ્ચે આકસ્મિક એવા યોગોનું નિર્માણ થશે કે વિઝાના પ્રશ્નો કે સ્ટુડન્ટ લોનના પ્રશ્નો આપોઆપ હલ થઈ જશે. જૂનથી આપનાં સંતાનોને આપનો વારસાગત ધંધો સોંપવો હોય તો ઉત્તમ સમય છે.

### નોકરી-ધંધા બાબત

આપની અંદર કંપનીને કે માલિકોને ઉપર લઈ જવા માટેના અનેક નવી યુક્તિઓ મળશે, પરંતુ આપને આપનું હુન્નર બતાવવાની તક મળતી નથી. નોકરીમાં આપના વિરોધીઓને હંમેશા કામથી ચોંકાવી દેશો. નવા લોકો ધંધામાં તમારી સાથે જોડાઈ શકશે. રાજકીય કારકિર્દીની શરૂઆત સફળતાવાળી રહેશે.

### સ્ત્રીઓ માટે

નિઃસંતાન સ્ત્રીઓ માટે ડિસેમ્બરથી એપ્રિલની વચ્ચે સંતાન યોગ બનશે. આપ પ્રશંસા ભૂખ્યા હોવાથી લોકો ભરપૂર ફાયદો ઉઠાવશે. આપને પુરુષોની પસંદગી કે શોખની બાબતમાં ચોપડિયું જ્ઞાન હોવાથી મુશ્કેલીમાં ન મુકાવ તેનો ખ્યાલ રાખવો. નોકરિયાત સ્ત્રીઓ માટે પસંદગીની જગ્યાએ નોકરી કરવા મળશે.

### યાત્રા-પ્રવાસ

શક્ય હોય તો બિઝનેસ પ્રવાસો ટાળવા. આપના વધારે પડતા પ્રવાસોના કારણે વૈવાહિક જીવન તેમજ સંતાનો સાથેના પ્રેમમાં અનેક અડચણો આવે છે. મે-જૂનમાં પારિવારિક પ્રવાસો તેમજ બિઝનેસ ટૂર સફળ રહેશે. જૂનથી ઓગસ્ટ વચ્ચે કોઈ ધાર્મિક યાત્રા, મિત્રો, સ્નેહીઓ સાથે સફળતાપૂર્વક પાર કરી શકશો.

### વિદ્યાર્થીઓ માટે

સાયન્સના વિદ્યાર્થીઓ માટે આટલાં વર્ષોની મહેનત આ વર્ષમાં રંગ લાવશે. તમારા માતા-પિતાએ જોયેલા સપનાઓને તમે પૂરા કરી શકશો. રાજ્ય દ્વારા કે કેન્દ્ર દ્વારા સન્માનિત થવાના યોગો આ વર્ષમાં રહેલા છે. વિદેશ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જુલાઈ માસથી પોતાનો ખર્ચો પોતાની રીતે ઉપાડતા થઈ જશે.

---




### શનિ મહારાજનું ફળ

નવેમ્બરથી જાન્યુઆરી વચ્ચે કોર્ટ કેસોનો ફેસલો આવી શકે છે. જાન્યુઆરી માસથી શનિ મહારાજની સાડાસાતી પનોતીનો પ્રથમ તબક્કો શરૂ થાય છે. આપના જીવનમાં ૨૫-૩૦ વર્ષથી આનંદમાં રહેતા શનિનો ઓચિંતો ધરખમ ફેરફાર આવશે. ફેબ્રુઆરીથી એપ્રિલની વચ્ચે કોઈપણ ડિસીઝનો જાતે લેવા નહિ.

### ગુરુ મહારાજનું ફળ

એપ્રિલ માસથી આરોગ્ય બાબતમાં ખ્યાલ રાખવો. પતિ-પત્ની તેમજ ભાગીદારોનો ઉત્તમ સાથ-સહકાર મળી રહેશે. નવેમ્બરથી એપ્રિલની વચ્ચે નિઃસંતાન દંપતીઓ માટે ગુરુ મહારાજ શુભ સમાચાર લાવશે. વિદેશ વ્યવસાય કરતા લોકો માટે એપ્રિલ સુધીમાં સેફ રીતે બિઝનેસને સેટ કરી દેવો.

### રાહુ મહારાજનું ફળ

આપની પાસે બેનંબરના કામો જેવા કે શેરસટ્ટા, જીએસટીના બિલો ઠેકાડવા, બેનંબરમાં હથિયારો લાવવા, લાંચરુશવત આપી કામો કઢાવવા. બેનંબરમાં રેતી કે અન્ય ખનિજ દ્રવ્યોનો વેપાર કરવો. આ બધાં કામો સામેથી આવશે. રાહુ આપને પૈસાની લાલચ બતાવશે. જેથી સાવચેતી રાખવી.

### આર્થિક બાબત

નવેમ્બર માસથી એપ્રિલ સુધી તો આપ ઊંધું નાખશો તો પણ સીધું પડશે. વ્યવસાયમાં હોટલ, રેસ્ટોરન્ટ, જમીન મકાનમાંથી નીકળતી વસ્તુઓ, સોનાચાંદીના વેપારીઓ, ઈન્કમટેક્સ ઓફિસરો, પોલીસ ઓફિસરો વગેરે માટે તો નૂતન વર્ષનો પ્રારંભ આર્થિક બાબત અનેક ભેટ સોગાદો આપનાર રહેશે. એપ્રિલ માસથી કોઈ આર્થિક મોટો ફટકો વિશ્વાસમાં આવી કોઈ મૂકી રોકાણ કે કાગળો વાંચ્યા વગર સહીઓ કરી દેશો તો મુશ્કેલીમાં મુકાશો. કાગળ, કાપડ, પ્રવાહી વસ્તુ, ઈમ્પોર્ટ એક્સપોર્ટના ધંધાર્થીઓ માટે મેથી ઓગસ્ટનો સમય ખૂબ સારો રહેશે. પૂજારીઓ, કથાકારો, કલાકારો, સંગીતકારો, ગાયકો, રીધમીટ્સો, ડાન્સરો વગેરે માટે પરિવારથી દૂર રહી વધુમાં વધુ આર્થિક ઉપાર્જન આ વર્ષમાં કરી શકશો.

### પારિવારિક તથા વૈવાહિક જીવન

પતિ-પત્નીના સંબંધમાં ખૂબ જ મીઠાશ આવશે. આપના પરિવાર કે પતિની સાથે પત્ની સાથે સુચારુ વ્યવહાર વધારે પડતી એકતા લાવશે. ફેબ્રુઆરી માસથી એપ્રિલ સુધીમાં કદાચ કડવા ઘૂંટડાઓ પરિવાર તરફથી પીવા પડશે.

### આરોગ્ય બાબત

બીમારીઓમાંથી છુટકારો મેળવી શકશો, પરંતુ ફેબ્રુઆરી માસથી આપનું જીવન રેગ્યુલર કરવાની જરૂર છે. અનિંદ્રા પરિતાપ આપના આરોગ્યના દુશ્મન છે. જૂનથી ઓગસ્ટની કમજોરીનો અનુભવ કરશો.

### સંતાન બાબત

સંતાનો હંમેશા આપની કમજોરી રહી છે. આપ ધારો છો સંતાનો આત્મવિશ્વાસથી ભરપૂર તેમજ ૧૦૦માંથી સોંસરવા નીકળે તેવા હોવા જોઈએ. વર્ષના પ્રારંભમાં સંતાનો તરફથી કોઈ આકસ્મિક ભેટ સોગાદો કે શુભ સમાચારો મળવાથી આપના તમામ દુઃખ દર્દો દૂર થઈ જશે.

### નોકરી-ધંધા બાબત

નોકરિયાત વર્ગો માટે તો નૂતન વર્ષનો પ્રારંભ પ્રગતિ તેમજ પ્રમોશન લઈને આવનારો રહેશે. જાન્યુઆરીથી માર્ચ સુધીમાં બેંકલોન કે અન્ય ધનલાભ મળવાથી ધંધામાં નવો જાન પુરાશે. ફેબ્રુઆરી માસથી જુલાઈ સુધીમાં ભાગીદારો તેમજ વેપારીઓ સાથે સુમેળભર્યો સંબંધ રાખવો.

### સ્ત્રીઓ માટે

સ્ત્રીઓ માટે આરોગ્ય બાબત તેમાં પણ ખાસ પ્રેગ્નેન્ટ સ્ત્રીઓએ ખૂબ જ સંભાળીને આ વર્ષ પસાર કરવાનું રહેશે. આંતરજ્ઞાતીય વિવાહ કરવા ઈચ્છતી સ્ત્રીઓ માટે ફેબ્રુઆરી સુધીનો સમય શ્રેષ્ઠ રહેશે. માર્ચથી જૂનમાં પ્રેમી પંખીડાઓએ ખાસ સંભાળવું. આપની કાર્યક્ષમતાને કારણે પ્રમોશન મેળવી શકશો.

### યાત્રા-પ્રવાસ

ફેબ્રુઆરી સુધીમાં ધંધાકીય તમામ પ્રવાસો સફળતાવાળા સાબિત થશે. પરિવારના કોઈ સદસ્યના કે મિત્રના લગ્નપ્રસંગમાં પરિવાર સાથે યાત્રામાં જવાનું થાય. પ્રવાસ દરમિયાન તમારા આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. ફેબ્રુઆરીથી જૂનની વચ્ચેના પ્રવાસોમાં શક્ય હોય તો કોઈને કોઈ વ્યક્તિને સાથે રાખવી.

### વિદ્યાર્થીઓ માટે

ફાર્મસી, ઈન્ટીરિયર, મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ, સંગીતના-સાહિત્યના વિદ્યાર્થીઓ માટે ખૂબ જ સફળતા મળી શકે છે. રમતગમતનાં ક્ષેત્રમાં આગળ વધવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મુશ્કેલીઓ રહેશે. હોસ્ટેલમાં રહી ભણતા વિદ્યાર્થીઓ વ્યસનથી તેમજ ખરાબ સંગતથી દૂર રહેજો.

# ટોરોન્ટો સ્કૂલ બોર્ડની ચૂંટણીમાં ઝાકીર પટેલનો જંગી સરસાઈ સાથે ભવ્ય વિજય

**સ્કારબોરો**

તાજેતરમાં ટોરોન્ટોમાં મ્યુનિસિપલની ચૂંટણી યોજાતા સ્કૂલ બોર્ડના ટ્રસ્ટીઓ માટે પણ મતદાન થયુ હતુ. સ્કુલબોર્ડના ટ્રસ્ટી માટેની ચૂંટણીમાં ભારતીય મૂળના સુરતના ઝાકિર પટેલે પણ ઝંપલાવ્યું હતુ. જેઓને સૌથી વધુ મત મળતાં જંગી સરસાઈ સાથે તેઓ બીજી ટર્મ માટે વિજેતા થયા હતા.

ચૂંટણીમાં વિજેતા ઝાકીર પટેલને તેમના સમર્થકોએ અભિનંદન સાથે શૂભેચ્છા પણ પાઠવી હતી.

સ્કારબોરો-ગિલ્ડવુડ સ્કૂલ બોર્ડના ટ્રસ્ટીઓ માટે મતદાન થયા બાદ



ચૂંટણીના પરિણામો જાહેર થતાં જ ઝાકિર પટેલને 5,791 મત (46.8 ટકા), એલિઝાબેથ ઈસાકને 2,172 મત (17.5 ટકા), મલરાવન બાલાચંદ્રનને 1,644 મત (13.3 ટકા), એન-મેરી મોલ્ટનને 1,424 મત (11.5 ટકા), સુશીતલ ચૌધરીને 813 મત (6.6 ટકા) તથા સુલેમાન કરીમીને 536 મત (4.3 ટકા) મળ્યા હતા. એ જ રીતે ટોરોન્ટો કેથોલિક ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડની ચૂંટણીમાં નેન્સી ક્રોફોર્ડને નેન્સી ક્રોફોર્ડને 5,216 મત (74.9 ટકા), જ્યારે ગ્રાઝિયા ક્યુબેલિસને 1,752 મત (25.1 ટકા) મળ્યા હતા.

# પશ્ચિમના દેશોમાં પ્રતિબંધ છતાં 2022માં રશિયાની નિકાસ વધી

**મોસ્કો**

વર્ષ ૨૦૨૨ના પ્રથમ નવ મહિના એટલે કે જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં રશિયાની નિકાસ ૨૫ ટકા વધીને ૪૩૧ અબજ ડોલર રહી છે તેમ એક વરિષ્ઠ અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

રશિયાની ફેડરલ કસ્ટમ્સ સર્વિસના ફર્સ્ટ ડેપ્યુટી હેડ રસલેન દેવીડોવે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ જ સમયગાળામાં આયાત ૧૫.૭ ટકા ઘટીને ૧૮૦ અબજ ડોલર રહી છે.

આ સાથે જ આ સમયગાળામાં ૨૬૧ અબજ ડોલર ટ્રેડ સરપ્લસ નોંધવામાં આવ્યું છે કારણકે આયાત કરતા નિકાસનું પ્રમાણ વધારે છે. જો



નિકાસ કરતા આયાત વધારે હોય તો વેપાર ખાધ થાય છે. ટ્રેડ સરપ્લસની રકમ ૨૦૨૧ના પ્રથમ ૯ મહિના કરતા બમણી છે. ૨૦૨૨ના પ્રથમ ત્રણ કવાર્ટરમાં રશિયાના વિદેશ વેપારનું ટર્નઓવર ૬૧૧ અબજ ડોલર રહ્યું છે. જે ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં ૯.૬ ટકા વધારે છે.

# ચીનના પ્રોપર્ટી માર્કેટમાં કડાકો, ધનિકો ઓછા ભાવે પોતાની મિલ્કતો વેચવા માંડ્યા

**બિજીંગ**

ચીનમાં પ્રોપર્ટી માર્કેટ અચાનક જ ગગડવા માંડ્યુ છે. ચીનના સંખ્યાબંધ શહેરોમાં પ્રોપર્ટીના ભાવમાં 30 થી 40 ટકાનો ઘટાડો નોંધાયો છે.મીડિયા રિપોર્ટ પ્રમાણે ચીનના બજારથી લોકોનો મોહ ભંગ થવા માંડ્યો છે.ધનિકો પોતાની સંપત્તિ ઓછા ભાવે વેચવા માંડ્યા છે.ચીનમાં ઘણા ધનિકો દેશ છોડીને જઈ રહ્યા છે.જેના કારણે તેઓ પોતાની પ્રોપર્ટીને બહુ ઓછી કિંમતે વેચી રહ્યા છે.શાંઘાઈમાં જ લકઝરીયસ ઘરોના ભાવ 40 ટકા જેટલા ઘટી ગયા છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીના તાજેતરમાં મળેલા અધિવેશન બાદ લોકોનો મોહભંગ થવા માંડ્યા છે.ઘણા ધનિકો પોતાની રેસ્ટોરન્ટો અને હોટલો પણ ઓછી કિંમતે વેચી રહ્યા છે. શાંઘાઈમાં એક મોટા પેન્ટ હાઉસનો ભાવ થોડા સમય પહેલા 60 મિલિયન યેન હતો અને હવે ભાવ ઘટીને 35 મિલિયન થઈ ગયો છે.

મીડિયા રિપોર્ટ અનુસાર શાંઘાઈના ઘણા ધનિકો પહેલા જ ચીન છોડી ચુકયા છે કે પછી પૈસા વિદેશ ટ્રાન્સફર કરી ચુકયા છે.ચીનમાં રહેતા તાઈવાનના વ્યવસાયિઓએ પણ પોતાના બિઝનેસ વેચવા માંડ્યા છે. ધનિકોને એવી પણ બીક છે કે, જિનપિંગ આજીવન પ્રમુખપદે રહેવાના છે અને આગામી દિવસોમાં તેઓ ધનિકો પર વધારે ટેક્સ ઝીંકી શકે છે.

# સુદાનમાં આદિવાસીઓના બે જૂથ વચ્ચે અથડામણ : બે દિવસમાં ૨૨૦નાં મોત

**કૈરો**

સુદાનના દક્ષિણમાં આદિવાસીઓની વચ્ચે બે દિવસના સંઘર્ષ પછી ઓછામાં ઓછા ૨૨૦ લોકોનાં મોત થયા છે તેમ એક વરિષ્ઠ આરોગ્ય અધિકારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. આ સંઘર્ષ તાજેતરના વર્ષોમાં આદિવાસીઓની વચ્ચે થયેલો સૌથી ઘાતક આદિવાસી સંઘર્ષ છે. આ અશાંતિએ નાગરિક સંઘર્ષ અને રાજકીય અરાજકતામાં ફસાયેલા એક આફ્રિકન દેશની મુશ્કેલીમાં વધારો કર્યો છે. આ સંઘર્ષ જમીન મુદ્દે દેશના બ્લુ નાઈલ પ્રાંતમાં હૌસા જનજાતિ અને બર્ટા લોકોની



વચ્ચે થયો હતો. બ્લૂ નાઈલના આરોગ્ય મંત્રાલયના ડાયરેકટર જનરલ ફત અર્રહમાન બખેતના જણાવ્યા અનુસાર ઈથોપિયાની સરહદે વાડ અલ-માહી શહેરમાં બુધવાર અને ગુરૂવારે તંગદિલી વધી ગઈ હતી. તેમણે જણાવ્યું હતું કે શનિવારની રાત સુધીમાં ૨૨૦ લોકોનાં મોત થાયનું સામે આવ્યું છે.

# કિંગ ચાર્લ્સ સાથે મીટિંગ બાદ સુનકની UKના વડાપ્રધાનપદે વિધિવત્ નિમણૂક

**લંડન**

બ્રિટનની 'ટોરી' (કોન્ઝર્વેટિવ) પાર્ટીના નેતા ઋષિ સુનક આજે મંગળવારે બપોરે ૪ અને ૧૦ મિનિટે રાજા ચાર્લ્સને મળ્યા હતા. તેઓની સાથે મંત્રણા કરી હતી અને રાજા ચાર્લ્સે તેઓને વિધિવત બ્રિટનના નવા વડાપ્રધાન પદે નિયુક્ત કર્યા હતા. તે સમયે તેઓનાં પત્ની અક્ષતા મૂર્તિ તથા બંને પુત્રીઓ અનુષ્કા અને કૃષ્ણા પણ બકીંગધામ પેલેસમાં ઉપસ્થિત હતા. સુનક તા. ૨૮મીએ બ્રિટનના વડાપ્રધાન પદે શપથ લેશે. ૨૦૧૫માં યોર્કશાયરનાં રીચમંડમાંથી સાંસદ તરીકે ચૂંટાયેલા ૪૨ વર્ષના સુનક એક ટોચના અર્થશાસ્ત્રી પણ છે. તેઓએ બ્રિટનને આર્થિક મુશ્કેલીઓમાંથી બહાર કાઢવાનું વચન આપ્યું છે.

બ્રિટનની 'ટોરી' પાર્ટીના નેતા પદની રેસમાં પહેલા પૂર્વ વડાપ્રધાન બોરિસ જ્હોન્સન પણ હતા. પરંતુ તેઓ પછી સ્પર્ધામાંથી ખસી ગયા હતા. તે પછી લીઝ ટ્રસને પાર્ટીએ નેતા તરીકે ચૂંટતાં તેઓ વડાપ્રધાન બન્યા હતાં. પરંતુ દેશ સામેના પડકારો જોઈ માત્ર બેંતાલીશ દિવસમાં જ તેઓએ પાર્ટીનો ટ્રસ્ટ ગુમાવ્યો. તેઓએ કિંગ ચાર્લ્સને પોતાનું ત્યાગપત્ર રજુ કરી દીધું હતું. તે પછી પાર્ટીની આંતરિક ચૂંટણીમાં ૧૮૦ મત મેળવી ઋષિ સુનક 'ટોરી' પાર્ટીના નેતા ચૂંટાઈ આવતા,૧૦, ડાઉનીંગ સ્ટ્રીટ સ્થિત વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને રહેનારા સુનક બ્રિટનના સૌથી પહેલા અશ્વેત અને ભારતીય વંશના બ્રિટિશ પ્રાઈમ મિનિસ્ટર બની રહેશે.

# ખેરસોન પ્રાંતને રશિયાના કબજામાંથી મુક્ત કરાવવા યુક્રેન સેનાની કવાયત

**કીવ**

ખેરસન શહેરમાં રશિયાનો પરાજય નિશ્ચિત છે, એવો દાવો લોર્ડ ડેનેટે કર્યો છે. બ્રિટનના ભૂતપૂર્વ સશસ્ત્ર દળના વડાનું કહેવું છે કે ખેરસન રશિયાના હાથમાંથી હવે ગમે ત્યારે સરકી શકે છે. આ વાતનો જાણે પુરાવો આપતા હોય તેમ રશિયાએ ખેરસનમાંથી તેના નાગરિકોને ક્રીમિયે ખસેડવા પડયા છે. પુતિનના દળો ખેરસનમાં ખુવારી ટાળવાના બદલે ત્યાંથી નીકળી જવાની ફિરાકમાં જ છે. યુક્રેનના દળોના વળતો પ્રહારનો સામનો કરવા તે તૈયાર નથી. ગયા મહિને ખાર્કિવમાં હારતા



રશિયાની સ્થિતિ વધુ નબળી થઈ છે.

તેથી રશિયા હવે ખાર્કિવનો મોરચો મજબૂત કરવામાં લાગેલું છે, જેથી તેની મુખ્ય સપ્લાય લાઈન જળવાઈ રહે. આ માટે કદાચ તે જરુર પડે તો ખેરસનનો ભોગ આપી શકે છે.

# સોમાલિયાના કિસમાયોમાં આતંકવાદીઓએ અંધાધૂંધ ફાયરિંગ કરતાં ૯ના મોત

**કિસમાયો**

સોમાલિયાના કિસમાયો શહેરમાં આતંકવાદીઓએ કિસમાયો હોટલ પર ફરી એકવાર હુમલો કર્યો હતો. આ હુમલામાં 9 લોકોના મોત થયા હતા. જ્યારે 47 લોકો ઘાયલ થયા હતા. મળતી માહિતી મુજબ, હોટલમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે જણાવ્યું કે પહેલા વિસ્ફોટ થયો અને પછી ફાયરિંગ કર્યું હતુ. પોલીસે વધુમાં જણાવ્યુ કે, તમામ આતંકવાદીઓ માર્યા ગયા છે. ઈસ્લામિક આતંકવાદી જૂથ અલ-શબાબે આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. અલ-શબાબ એક આતંકવાદી સંગઠન છે. તેનો હેતુ 2017માં રચાયેલી સોમાલિયા સરકારને ઉથલાવી પાડવાનો છે.

**હજુ પણ મિઝોરમ સહિતના રાજ્યોમાં એલર્ટ જારી**

# ભારતમાં વાવાઝોડું સિતરંગ નબળું પડયું, બાંગ્લાદેશમાં ૧૧નાં મૃત્યુ

**કોલકાતા**

ભારતમાં વાવાઝોડું સિતરંગ ભલે નબળું પડી ગયું હોય પણ અનેક રાજ્યોમાં હજુ પણ એલર્ટ જારી છે. હવામાન વિભાગે અઆજે ૨૫ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ ઓડિશા, બંગાળ, મિઝોરમ સહિત અનેક વિસ્તારોમાં ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. સ્થિતિને ધ્યાનમાં રાખીને બંને રાજ્યોની સરકાર એલર્ટ મોડ પર છે. જ્યારે આસામ, મેઘાલય, ત્રિપુરા,મિઝોરમમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બાંગ્લાદેશમાં આ વાવાઝોડાથી અત્યાર સુધીમાં ૧૧ લોકોનાં મોત થયા છે. સિતરંગ વાવાઝોડાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ બંગાળ સરકારે લોકોને કારણ વગર સુંદરવન સહિતના સમુદ્રી વિસ્તારોમાં બહાર જવાથી બચવાની સલાહ આપી છે. અહીં નાદિયા જિલ્લાના ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણાના એક અથવા બે સ્થળો પર ભારે વરસાદ પડવાની સંભાવના છે.

# જિનપિંગને ત્રીજો કાર્યકાળ મળતા ચીન વિશ્વ માટે ખતરો બનશે : નિષ્ણાતો

**બેઇજિંગ**

શી જિનપિંગ ત્રીજી વખત ચીનના રાષ્ટ્રપતિ બની ગયા છે. જિનપિંગને પરંપરાની વિરુદ્ધ રવિવારે પાર્ટી નેતૃત્વ માટે પાંચ વર્ષ માટે ત્રીજી વખત કાર્યકાળ સોંપવામાં આવ્યું છે. તેમને સાત સભ્યોવાળી પાર્ટીની સ્થાયી સમિતિની સભ્ય નોમિનેટ કરવામાં આવ્યા છે અને સમિતિએ તેમને પોતાની યોજનાઓ પર અમલ કરવાની મંજૂરી આપી છે. ત્રીજી વખત ચીનની ગાદી મેળવનારા જિનપિંગ વિશ્વ માટે મોટી મુશ્કેલી બની શકે છે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે જિનપિંગના ત્રીજા કાર્યકાળમાં વિશ્વને વેપાર, સુરક્ષા અને માનવાધિકાર મુદ્દાઓ પર તંગદિલીનો સામનો કરવો પડશે.

# PANCHVATI SUPERMARKET

www.panchvatisupermarket.ca






પ્રભુ તમારા જીવનને સુખમય, આનંદમય અને
પ્રફુલ્લિત રાખે તેવો દિવાળીનાં પર્વનો હાર્દિક શુભકામનાઓ

મીઠાઈઓ, ગીફ્ટ બોક્સ તેમજ પૂજાની સામગ્રી મળશે તો આજે જ લાભ ઉઠાવો

**MISSISSAUGA**
169 Dundas St. E.,
Unit # 1 to 4, Mississauga,
ON L5A 1W8
CALL : 905-232-3955

**BRAMPTON**
8814 The Gore Road,
Unit 4-8, Brampton,
ON L6P 0B1
Call : 905-794-5372

**SCARBOROUGH**
2141 Ellesmare Road,
Behind Scotia Bank
Scarborough, ON M1G 3M6
Call : 416-439-9393

**ETOBICOKE**
3-45 Woodbine Downs
Blvd, Etobicoke
ON M9W 6N5
Call : 416-213-9394

**SCARBOROUGH TUXEDO**
1255 Markham Rd,
Scarborough,
ON M1H 2Z5
Call : 416-289-6988

**AJAX**
18, Harwood Ave.
South Ajax
ON L1S 6N2
Call : 905-426-2499

**OSHAWA** 1053 Simcoe Street North, Oshawa, L1G 4X1

# OM INDIA FOOD CENTRE

દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનાજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

## OM INDIA FOOD CENTRE

### 6 LOCATION TO SERVE YOU

1729 Albion Rd,
Etobicoke, ON
**416-743-1100**

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
**416-297-8383**

139 Charing Cross,
Brantford Ontario
**519-758-9999**

71 West Drive, Unit#42,
Brampton, ON
**905-452-1100**

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
**519-954-1110**

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
**514-426-1100**



## HAPPY DIWALI & PROSPEROUS NEW YEAR

**MOTEL for SALE**

## NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com

Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...
Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



**MOTEL KING:** Specializing in Selling Motels: LIST & SELL with confidence

Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 20172021

**Attention: MOTEL OWNERS**

I have extremely serious & aggressive motel buyers with $500,000 to $2.5 Million+ READY DOWN PAYMENT, looking to buy a good NON franchise motels immediately (can close the deal in few weeks if the seller willing to hold first mortgage at 50% down payment)

**Any Motel Owner wants to sell quick and professionally, please contact me ASAP.**

**Small & Mid Size MOTEL LISTINGS Required Urgently**

Preferably Motels around $1M to $5M price range anywhere in Ontario or Other Provinces

**12 To 45 Room Motels in Northern Ontario**

Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

**Coming up For Sale**

- Motel near St. Catherine Under $5M
- Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
- Motels in North - Trans Canada Hwy 17 & Hwy 11

**Recently SOLD Motels Near**

Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

**Motel Operator / Working Partner Opportunities**

- Motel Operator To run the motel professionally. Front desk + Housekeeping work- good salary &free accommodation.
- Working Partner To invest min $200K. Stay, operate & manage the motel Partnership % + Salary + Accommodation.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100

# HONEST - DEDICATED - TEAMWORK

PINNACLE
REAL ESTATE GROUP

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!




**Main Floor Only** - Well Maintained All Brick 3 Bedroom Bungalow. Great Layout, Updated Washroom and Kitchen. Hardwood Flooring Only. Spacious Three Bedrooms With Lots Of Closet Space/Storage. Minutes Drive To The Mall, Fanshawe College, Hwy 401 And Much More.




Luxury Well Maintained 2 Bedrooms With 2 Full Washrooms Condo, With A Spectacular View, Updated Kitchen And Washrooms, Freshly Painted. Great Building Amenities, Indoor Pool And Gym, 24 Hrs Concierge, Close To Scarborough Town Centre, Hwy 401, Hwy 404, Ttc, Major Banks, Restaurants and Paks.




Welcome To This Newly Renovated 3Bed Semi With Potential Extra Rental Income From 2nd Unit/ Separate Entrance With 3Beds Also. Rarely Offered. This Stunning, Charming And Spacious Turn Key Home Won't Last Too Long. Imagine Yourself Cooking A Storm In This Newly Renovated Chef's Kitchen With A Large Quartz Waterfall Island. Feel Free To Entertain Your Guests In This Sun-Filled Family Room While Dinner Is Being Made Just Directly Across.

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia

**Broker of Record / Sales Representative**

teamkharodia@gmail.com

300-2855 Markham Rd Toronto ON M1X 0C3

D: (647) 501-6786 I D: (647) 308-2941

F : (416) 298-8303 I P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.



Vyas Law
*Professional Corporation*



આપ સૌને નવા વર્ષનાં

## નૂતન વર્ષાભિનંદન

## TRUPTI VYAS

Barrister, Solicitor & Notary Public

C: 647-567-4551 T: 416-601-3676 F: 416-601-3677

www.vyaslaw.ca info@vyaslaw.ca





આવનારું નવું વર્ષ આપના તથા આપના પરિવારજનો
માટે સમૃદ્ધિમય, આરોગ્યપ્રદ તેમજ યશસ્વી નીવડે એવી
પ્રભુ ને પ્રાર્થના સાથે નૂતન વર્ષાભિનંદન

**Paresh Peshva**

**Broker**

416-302-4531

Off : 905-497-6701

Fax : 905-497-6700



REALTOR

MLS MULTIPLE LISTING SERVICE

$AVE MAX Achievers Realty